RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 47* Date: 13.12.2020 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### એરપોર્ટનું નામ સરદાર વલ્લભભાઈ પટેલના સ્થાને અદાણી એરપોર્ટ કરી દેવાયું

# અમદાવાદ એરપોર્ટ વિવાદ: સરદાર પટેલની EXIT, અદાણી IN

## અમદાવાદ એરપોર્ટનું સંચાલન ૭ નવેમ્બરથી અદાણીને સોંપવામાં આવ્યું છે જે બાદ પ્રથમ વખત વિવાદ સામે આવ્યો

*અમદાવાદ,તા.૧૨*

હવે ગુજરાતમાં પણ અદાણીને લઈને નવો વિવાદ ઊભો થતો દેખાઈ રહ્યો છે અને તેનું કારણ છે અમદાવાદ એરપોર્ટ. અમદાવાદ એરપોર્ટના નામમાં સરદાર પટેલનું નામ ગાયબ થતાં કોંગ્રેસ ટ્વિટ કરી વિરોધ વ્યક્ત કર્યો છે.

અમદાવાદ એરપોર્ટનું સંચાલન ૭ નવેમ્બરથી અદાણીને સોંપાયા બાદ હવે તેના નામને લઈને પ્રથમ વખત વિવાદ સામે આવ્યો છે. અમદાવાદ એરપોર્ટનું નામ સરદાર વલ્લભભાઈ પટેલ હતું તેનું હવે નવું નામ અદાણી એરપોર્ટ કરી દેવાયું છે. એરપોર્ટ પર અદાણી એરપોર્ટ્સના બોર્ડ લગાવી દેવાયા છે જેના પગલે હવે કોંગ્રેસે વિરોધ વ્યક્ત કર્યો છે.

મહત્વનું છે કે થોડા દિવસો અગાઉ દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનમાં સરકાર સાથે નિષ્ફળ વાટાઘાટો બાદ અદાણી અને અંબાણીના પ્રોડક્ટ્સ બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો. જો કે આ મામલે અદાણીએ સત્તાવાર નિવેદન જાહેર કર્યુ હતું અને લોકોનો ભ્રમ દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. અદાણીએ કહ્યું હતું કે અમે સરકાર માટે માત્ર અનાજ સ્ટોર કરીએ છીએ નહીં કે અમે સીધી ખેડૂતો પાસેથી ખરીદી કરીએ છીએ.

બીજી બાજુ ઓસ્ટ્રેલિયામાં પણ અદાણીના કોલસા ઉદ્યોગને લઈને વિરોધ જોવા મળ્યો હતો. તાજેતરમાં જ ભારત અને ઓસ્ટ્રેલિયાની મેચ દરમ્યાન ચાલુ મેચમાં એક શખ્સ કાર્ડ બોર્ડ લઈને મેદાનમાં વિરોધ કરવા પહોંચી ગયો હતો. જેમાં તે અદાણીના કોલ પ્રોજેક્ટને લઈને વિરોધ કરતો જોવા મળ્યો હતો.




ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી ૨૦૧૯માં કેન્દ્ર સરકારે ૬ મુખ્ય એરપોર્ટનું ખાનગીકરણ કર્યું હતુ. તેમાં લખનઉ, અમદાવાદ, જયપુર, મેંગલુરુ, થિરુવનંતપુરમ અને ગુવાહાટી એરપોર્ટ સામેલ છે. એક પ્રતિસ્પર્ધી બોલી પ્રોસેસ બાદ અદાણી ગ્રૂપને ત્રણ એરપોર્ટ ચલાવવાનો અધિકાર મળ્યો હતો. એરપોર્ટ ઓથોરિટી દ્વારા અદાણી ગ્રૂપને અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ, લખનઉ એરપોર્ટ અને મેંગલુરુ એરપોર્ટ સોંપાયા છે.

અમદાવાદ એરપોર્ટ પ્રવાસીઓની સંખ્યાની દ્રષ્ટિએ ભારતનું આઠમું સૌથી વ્યસ્ત એરપોર્ટ ગણાય છે. અહી રોજના સરેરાશ ૨૫૦ વિમાન ઉડાન ભરે છે. વર્ષ ૨૦૧૪-૧૫માં ૪૮ લાખ પ્રવાસીઓએ આ એરપોર્ટની સેવા લીધી હતી.

અમદાવાદ એરપોર્ટની સ્થાપના વર્ષ ૧૯૩૭માં થઇ હતી. આંતરરાષ્ટ્રીય સેવાની શરૂઆત વર્ષ ૧૯૯૨માં થઇ હતી. અમદાવાદ એરપોર્ટને આંતરરાષ્ટ્રીય હવાઈમથકનો દરજ્જો ૨૩ મે ૨૦૦૦માં મળ્યો હતો. વર્ષ ૨૦૧૦માં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે નવું ટર્મિનલ ૨ ખુલ્લું મુકવામાં આવ્યુ હતું. સાથે જ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮ feet (5.5 m) ઊંચી પ્રતિમાનું પણ આ એરપોર્ટ ખાતે અનાવરણ કરવામાં આવ્યુ હતું.

### FICCI સંમેલનમાં મોદીએ કર્યા કૃષિ કાયદાના વખાણ

# નવા કૃષિ કાયદાથી દરેક ક્ષેત્રે રોકાણ વધશે: મોદી

## ભારતે જે રીતે સ્થિતિને સંભાળી તેનાથી આખી દુનિયા ચકિત છે, વિઘ્નો દૂર કરી રહ્યા છીએ,કૃષિ કાયદાથી નાના ખેડૂતોને લાભ થશે.

*ન્યુ દિલ્હી,તા.૧૨*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય વાણિજ્ય અને ઉદ્યોગ મહાસંઘની ૯૩મી વાર્ષિક સામાન્ય બેઠક અને વાર્ષિક સમ્મેલનનું ઉદ્દઘાટન કર્યુ હતું. આ સંબોધન ડિઝિટલ માધ્યમથી થઇ રહ્યુ છે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ કે વર્ષ ૨૦૨૦ ટી-૨૦ મેચમાં અમે કેટલીક વખત સ્થિતિઓને ઝડપથી બદલાતા જોઇ છે પરંતુ વર્ષ ૨૦૨૦એ બધાને પાછળ છોડી દીધુ છે. આપણો દેશ અને આખી દુનિયાએ આ વર્ષે ઉથલ પાથલ જોઇ છે. પીએમ મોદીએ કહ્યુ કે, સારી વાત એ છે કે કોરોનાને કારણે સ્થિતિ જેટલી જલ્દી બગડતી ગઇ તેટલી ઝડપથી સુધરી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ, આજે ભારતના ખેડૂતો પાસે પોતાના પાક મંડીઓની સાથે બહાર પણ વેચવાનો વિકલ્પ છે. આજે ભારતમાં મંડીઓનું આધુનિકિકરણ થઇ રહ્યુ છે, ખેડૂતોને ડિઝિટલ પ્લેટફોર્મ પર પાક વેચવા અને ખરીદવાનો પણ વિકલ્પ આપ્યો છે. જેનાથી ખેડૂતોને નવા વિકલ્પ અને નવા બજાર મળશે.

આજે ભારતમાં કોર્પોરેટ ટેક્સ વિશ્વમાં સૌથી ઓછો છે. ઈંસ્પેક્ટર રાજ અને ટેક્સના જંજાલને પાછળ છોડી ભારત પોતાના ઉદ્યમિઓ પર વિશ્વાસ કરી રહ્યો છે અને આગળ વધી રહ્યો છે. પીએમ મોદીએ કહ્યુ કે જ્યારે એક સેક્ટર વિકસિત કરે છે તો તેનો વિકાસ બીજા સેક્ટરો પર પણ પડે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ કે ખેતીમાં જેટલુ ખાનગી વિસ્તાર દ્વારા રોકાણ કરવુ જોઇતુ હતું તેટલુ રોકાણ કરવામાં નથી આવ્યુ. ખાનગી ક્ષેત્રએ કૃષિ ક્ષેત્રાને એક્સપ્લોર નથી કર્યુ. પીએમ મોદીએ કહ્યુ કે કૃષિ ક્ષેત્રમાં ખાનગી કંપનીઓ સારૂ કામ કરી રહી છે પરંતુ તેમણે હજુ વધુ સારૂ કામ કરવાની જરૂર છે.



વડાપ્રધાન મોદીએ કહ્યુ કે છેલ્લા ૬ વર્ષમાં વિશ્વએ ભારતમાં વિશ્વાસ બતાવ્યો છે અને આ વિશ્વાસ છેલ્લા ૬ મહિનામાં વધુ મજબૂત બન્યો છે. પીએમ મોદીએ કહ્યુ કે પછી તે ÇÛ હોય કે પછી Çë વિદેશી રોકાણકારોએ ભારતમાં રેકોર્ડ રોકાણ કર્યુ છે અને આગળ પણ કરી રહ્યા છે.

ૅ મોદીએ કૃષિ સુધારાની ચર્ચા કરતા કહ્યુ કે નવા કૃષિ સુધારાથી ખેડૂતોને ફાયદો થવાનો છે. વડાપ્રધાન મોદીએ કહ્યુ કે કૃષિ સાથે જોડાયેલી તમામ વસ્તુ પરથી દિવાર હટાવી રહ્યા છીએ. નવા કૃષિ કાયદાથી ખેડૂતોને નવા બજાર મળશે. નવા કૃષિ કાયદાથી ખેડૂતોની આવક વધશે. પીએમ મોદીએ કહ્યુ કે કૃષિ ક્ષેત્રમાં રોકાણથી ખેડૂતોને ઘણો ફાયદો થશે, તેમણે નવા વિકલ્પ મળશે, નવુ બજાર મળશે. વડાપ્રધાન મોદીએ ઉદ્યોગપતિઓને સંબોધિત કરતા કહ્યુ કે મહામારીના સમયમાં ભારતે નાગરિકોના જીવનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે, તેમણે કહ્યુ કે કોરોના કાળ દરમિયાન ભારતે જે નિર્ણય કર્યા તેનાથી પુરી દુનિયા ચોકી ગઇ છે.

# અમેરિકામાં ઈમરજન્સી ઉપયોગ માટે pfizer વેક્સીનને મળી મંજૂરી

*વૉશિંગ્ટન,તા.૧૨*

અમેરિકન ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ફાઇઝરની કોરોનાની રસીના ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દીધી છે. અમેરિકન નાગરિકોને રસી આજથી આપવામાં આવી શકે છે. હવે અમેરિકા પણ બ્રિટન અને બહરીન જેવા દેશોની શ્રેણીમાં સામેલ થઇ ગયા જેને કોરોનાની રસીના ઉપયોગની મંજૂરી આપી દીધી છે.

વ્હાઇટ હાઉસના ચીફ ઓફ સ્ટાફ માર્ક મેડોઝે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના પ્રમુખ સ્ટીફન હાન પર એ વાત માટે દબાણ બનાવ્યું હતું કે તેઓ ફાઇઝર કંપની દ્વારા નિર્મિત કોરોના વાયરસ રસીની ઈમરજન્સી સ્થિતિમાં ઉપયોગની શુક્રવાર સુધીમાં મંજૂરી આપી દે. એફડીએની બહારના સલાહકારોની એક સમિતિએ ગુરૂવારના રોજ આ રસીને મંજૂરી આપી દીધી હતી. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ રસીને વહેલીમાં વહેલી તકે મંજૂરી આપવા માટે દબાણ કરી રહ્યા હતા.

FDA દ્વારા ફાઇઝરની કોરોના રસીની ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવી કે તરત જ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે આખા દેશમાં ૨૪ કલાકની અંદર જ વેક્સીન અપાશે. ટ્રમ્પે કહ્યું કે આ બીમારી ચીનથી આવી છે પરંતુ હવે અમેરિકામાં તેને ઝડપથી ખાત્મો કરાશે. ટ્વિટર પર એક વીડિયો શેર કરતાં ટ્રમ્પે કહ્યું કે આજે દેશમાં ચિકિત્સાના ક્ષેત્રમાં એક ચમત્કાર થયો છે. અમે ૯ મહિનામાં સુરક્ષિત અને અસરકાર રસી તૈયાર કરી લીધી છે. આ રસીથી લાખો લોકની જિંદગી બચી જશે. ટ્રમ્પે કહ્યું કે તેમને એ વાતની જાહેરાત કરતાં ગર્વ થઇ રહ્યો છે કે આ રસી તમામ અમેરિકનોને ફ્રી માં ઉપલબ્ધ કરાવાશે. અમેરિકાના દરેક રાજયમાં વેક્સીન મોકલવામાં આવી રહી છે. ટ્રમ્પે કહ્યું કે આ રસી કોરોનાને ભગાડી દેશે.

છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકામાં કોરોનાના ૨,૩૦,૦૦૦ કેસ સામે આવ્યા છે. આ એક દિવસમાં કોઈપણ દેશમાં સામે આવેલા કોરોના વાયરસ સંક્રમિતોની સૌથી મોટી સંખ્યા છે.

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના કુલ કેસો ૭ કરોડને વટાવી ગયા છે જ્યારે અત્યાર સુધીમાં ૧૫.૯ લાખથી વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે. જહોન્સ હોપકિન્સ યુનિવર્સિટીના જણાવ્યા મુજબ હાલના વૈશ્વિક કોરોના કેસની કુલ સંખ્યા ૭૦,૧૩૧,૯૧૧ છે, જ્યારે ૧,૫૯૨,૪૮૬ લોકોના મોત થઇ ચૂકયા છે. સીએસએસઇના મતે ૧૫,૮૩૪,૯૬૫ કેસ અને ૨૯૪,૮૭૪ મોતની સાથે અમેરિકા કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત દેશ છે. ભારત ૯,૭૯૬,૭૬૯ કેસો સાથે બીજા નંબરે છે જ્યારે દેશમાં મૃત્યુઆંક ૧૪૨,૧૮૬ પર પહોંચી ગયો છે.

# રાફેલ જેટ્સમાં ઉમેરાયું અભેદ્ય હથિયાર: હેમર મિસાઈલનો સમાવેશ

*ન્યુ દિલ્હી,તા.૧૨*

ભારતીય વાયુસેનાનો ભાગ બની ચુકેલા રાફેલ યુદ્ધ વિમાન પોતાના દુશ્મનોનો ખાતમો બોલાવવા સંપૂર્ણ રીતે તૈયાર છે. આ યુદ્ધ વિમાન માટે એરફોર્સે જે ખાસ હથિયાર HAMMERની માંગણી કરી હતી તેનો ફ્લાઈટ ટેસ્ટ કરવામાં આવ્યો છે. HAMMER એક એવુ હથિયાર છે જે GPS વગર પણ પોતાના ટાર્ગેટનો શોધીને ખાતમો બોલાવી શકે છે.દક્ષિણ-પશ્ચિમી ફ્રાંસમાં આ મિસાઈલના ૧,૦૦૦ કિલોના વર્ઝનનો રાફેલ સાથે ફ્લાઈટ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. લગભગ ૧૨૦૦ કિલો વજન ધરાવતી SCALP ક્રુઝ મિસાઈલ પણ રાફેલ વડે દાગી શકાશે. આ મિસાઈલ પણ ભારત આવનારા રાફેલ વિમાનનો મહત્વનો ભાગ રહેશે.HAMMER મિસાઈલની રેંજ ૨૦ થી ૭૦ કિલોમીટર સુધીની હોઈ શકે છે. એટલે કે લોન્ચ એરક્રાફ્ટ દુશ્મનના એર ડિફેંસ સિસ્ટમની નજરમાં ના આવી શકે. ખાસ વાત એ છે કે, વિસ્તાર ગમે તેવો હોય પણ આ મિસાઈલ દુશ્મનને શોધીને પાર પાડ્યે છુટકો કરે છે. આ મિસાઈલને ઓછી ઉંચાઈ અને પહાડી વિસ્તારમાં પોતાનો શિકાર શોધવામાં મહારત હાંસલ છે. માટે જ રાફેલને ચીન અને પાકિસ્તાન સરહદે તૈનાત કરવાની આતુરતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે.

આ એક ગાઈડેડ મિસાઈલની માફક કામ કરે છે અને બોમ્બની માફક પણ. આ એક મોડ્યુલર હથિયાર છે. જેનો અર્થ એ થયો કે તેને ચલાવવા માતે કોઈ ખાસ પ્રકારની વ્યવસ્થા કરવાની જરૂર નથી. તેને સેટેલાઈટ ગાઈડેંસ, ઈન્ફ્રારેડ સીકર અને લેઝર દ્વારા ગાઈડ કરી શકાય છે.

HAMMER કિટને જુદી જુદી સાઈઝના બોમ્બ સાથે ફીટ કરી શકાય છે. આ મિસાઈલ ૧૨૫ કિલો, ૨૫૦ કિલો, ૫૦૦ કિલો અને ૧૦૦૦ કિલોના બોમ્બ છોડી શકે છે. ૧૦૦૦ કિલોનું જે વર્ઝનનો ફ્લાઈટ ટેસ્ટ થયો છે તે ભલભલા બંકરનું પણ નામોનિશાન મિટાવી શકે છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૧૨૦૪**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૨૨૬૫૦૮**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૧૨**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૧૩૩૮**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૨૦૮૯૬૭**

# CBI અસુરક્ષિત: તમિલનાડુમાં કસ્ટડીમાંથી ૧૦૩ કિગ્રા સોનું ગાયબ..!

*ચેન્નાઇ,તા.૧૨*

તમિલનાડુમાં દરોડા દરમિયાન CBIએ ૧૦૩ કિલોગ્રામથી વધુ સોનુ જપ્ત કર્યું હતું. ૪૫ કરોડ રૂપિયાની કિંમતના આ સોનાને CBIની સેફ કસ્ટડીમાં રાખવામાં આવ્યું હતું, પરંતુ આ સોનું હવે અહીંથી ગાયબ થઈ ગયું છે. મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ CB-CIDને આ સમગ્ર મામલે તપાસના આદેશ આપ્યા છે.

જણાવી દઈએ કે, CBIની ટીમે વર્ષ ૨૦૧૨માં ચેન્નઈની સુરાના કોર્પોરેશન લિમિટેડની ઑફિસમાં દરોડા પાડ્યા હતા. ઝ્રમ્ૈંએ રેડ દરમિયાન ત્યાંથી સોનાની ઈંટો અને ઘરેણા સહિત ૪૦૦.૫ કિલોગ્રામ સોનુ જપ્ત કર્યું હતું. જપ્ત કરેલા સોનાને સીલ કરીને CBIની સેફ કસ્ટડીમાં રાખવામાં આવ્યું હતું, પરંતુ હવે જપ્ત કરેલા સોનામાંથી ૧૦૩ કિલોગ્રામથી વધુ સોનું ગાયબ છે. આ અંગે CBI



તરફથી પ્રાપ્ત જાણકારી અનુસાર, સેફ અને વૉલ્ટ્સની ૭૨ ચાવીઓ ચેન્નઈની પ્રિન્સિપલ સ્પેશિયલ કોર્ટને સોંપી દેવામાં આવી હતી. CBI તરફથી દાવો કરવામાં આવ્યો છે કે, દરોડા દરમિયાન જ્યારે સોનુ જપ્ત કરવામાં આવ્યું હતું, ત્યારે સોનાને એક સાથે જ લઈ જવામાં આવ્યું હતું. જ્યારે SBI અને સુરાના વચ્ચે લોનના મામલાના નિકાલ માટે નિયુક્ત કરવામાં આવેલા લિક્વિડેટરને સોંપતા સમયે વજન અલગ-અલગ કરવામાં આવ્યું છે. આજ કારણ છે કે, સોનાના વજનમાં અંતર જોવા મળી રહ્યું છે. જસ્ટિસ પ્રકાશે CBIની દલીલને ફગાવતા આ મામલે SP રેક્નના અધિકારીની આગેવાનીમાં CB-CID તપાસનો આદેશ આપ્યો છે. આ સમગ્ર મામલાની તપાસ ૬ મહિનાની અંદર કરવાનો આદેશ આપતા જસ્ટિસ પ્રકાશે કહ્યું કે, CB-CIDને સમગ્ર મામલે FIR દાખલ કરવા કહ્યું છે. કોર્ટે કહ્યું કે, આ CBI માટે અગ્નિ પરીક્ષા હોઈ શકે છે, પરંતુ તેનું કશું જ નહીં થઈ શકે.

## તંત્રી સ્થાનેથી...

### વિશ્વભરમાં જે રસીથી ઉત્સાહનો સંચાર થઇ રહ્યો છે તે શેતાનની પાસેથી આવી છે



દુનિયાભરમાં કોરોના વાયરસ સંક્રમણથી બચવા માટે રસીની રાહ જોવાઇ રહી છે તેની વચ્ચે દક્ષિણ આફ્રિકાના મુખ્ય ન્યાયાધીશ મોગોઇંગ મોગોઇંગ એ રસીને લઇ એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું જેમાં તેમણે કહ્યું કે વિશ્વભરમાં જે રસીથી ઉત્સાહનો સંચાર થઇ રહ્યો છે તે 'શેતાનની પાસેથી આવી છે'. આ નિવેદન માટે મુખ્ય ન્યાયાધીશની ખૂબ આલોચના થઇ રહી છે.

સોશિયલ મીડિયામાં એક વીડિયો ઝડપથી વાયરલ થઇ રહ્યો છે જેમાં ન્યાયાધીશ મોગોંઇંગ એક ગિરજાઘરમાં પ્રાર્થના કરતા દેખાય છે અને આ દરમ્યાન તેઓ દાવો કરે છે કે રસી લોકોના DNAને ખરાબ કરી દેશે. તેમણે પોતાની પ્રાર્થનામાં કહ્યું કે જે તમારી (ઇશ્વર) તરફથી નથી એવી કોઇપણ રસીથી હું મારી જાતને દૂર કરું છું. જો કોઇ રસી છે તો તે શેતાનની તરફથી છે તેનો હેતુ લોકોના જીવનમાં 'ટ્રિપલ સિક્સ' (શેતાનનું ચિહ્ન) લાવવાનું છે અને આ તેમના ડીએનએ ને ખરાબ કરશેપએવી કોઇપણ રસી, હે ઇશ્વર, તેને ચીશુ મસીહના નામ પર અગ્નિ નષ્ટ કરી દે.

મોગોઇંગની આ વાતોથી વૈજ્ઞાનિકો અને અન્ય લોકોમાં આગ ભભૂકી ઉઠી છે અને તેમનું કહેવું છે કે મોગોઇંગ જેવા પ્રભાવશાળી વ્યક્તિની તરફથી આ પ્રકારની વાતો રસીની રાહ જોઇ રહેલા લોકોને ભ્રમિત કરી શકે છે.

વિટ્સ યુનિવર્સિટીમાં વાયરોલોજીના પ્રોફેસર બેરી શઉબ એ કહ્યું કે આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે તેમના કદનું કોઇ વ્યક્તિ લોકોને ગુમરાહ કરી રહ્યું છે. કારણ કે આ મહામારીને કાબૂમાં લેવા માટે રસીનો એક હિસ્સો અગત્યનો છે. આ દુર્ભાગ્યપૂર્ણ છે કે આટલી પ્રભાવશાળી વ્યક્તિ તેને નિયંત્રિત કરવાના પ્રયાસનો વિરોધ કરી રહ્યું છે.

માનવાધિકાર સંગનઠ 'આફ્રિકા પેલસ્ટીન' એ પણ મોગોઇંગના આ નિવેદનની નિંદા કરી છે. તો ન્યાયાધીશે રસી પર તેમની ટિપ્પણીને લઇ થઇ રહેલી આલોચનાને નકારી દીધી અને કહ્યું કે તેમણે પોતાનું મંતવ્ય મૂકયું તે તેમનો અધિકાર છે. આ આઝાદ દેશ છે. મને ચુપ કરાવી શકાશે નહીં. મને પરિણામોની ચિંતા નથી.

## પ્રણવ મુખર્જીના પુસ્તક 'ધ પ્રેસિડેન્શિયલ ઈયર્સ'માં સનસનીખેજ આરોપ

# ૨૦૧૪માં કોંગ્રેસના પરાજય માટે સોનિયા - મનમોહન જવાબદાર

*ન્યુ દિલ્હી,તા.૧૨*

દિવંગત પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ પોતાના પુસ્તકમાં કેટલાક હલચલ મચાવે તેવા ખુલાસાઓ કર્યા છે. તેમણે લખ્યું છે કે હું રાષ્ટ્રપતિ બન્યો તે પછી કોંગ્રેસ દિશાથી ભટકી ગઇ હતી. તેમણે લખ્યું છે કે, ૨૦૧૪માં કોંગ્રેસના પરાજય પાછળ સોનિયા ગાંધી અને પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ જ જવાબદાર હતા. પ્રણવ મુખર્જીએ પુસ્તકમાં લખ્યું છે કે પક્ષના કેટલાક સભ્યોનું એવું માનવું હતું કે, જો ૨૦૦૪માં મને વડાપ્રધાનપદ સોંપાયું હોત તો ૨૦૧૪માં કોંગ્રેસ આકરા પરાજયનો સામનો કરવો ન પડત. મુખર્જીએ પોતાના નિધન પહેલા પુસ્તક 'ધ પ્રેસિડેન્શિયલ ઈયર્સ' લખી હતી જે જાન્યુઆરી ૨૦૨૧માં પ્રકાશિત થશે. તેમની ટીપ્પણી એવા સમયે આવી છે કે જયારે કોંગ્રેસ આંતરિક ઉથલ-પાથલના દોરમાંથી પસાર થઇ રહેલ છે. પોતાના સંસ્મરણના એક અંશ અનુસાર નરેન્દ્ર મોદીનું વલણ તાનાશાહી છે.

પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ પોતાના પુસ્તક 'ધ પ્રેસિડેન્શિયલ યર્સ'મા કોંગ્રેસના પતનને લઈને ઘણા ખુલાસા કર્યા છે. આગામી વર્ષે બજારમાં આવનાર આ પુસ્તકમાં ૨૦૧૪માં કોંગ્રેસને મળેલી હારના કારણોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. દિવંગત પૂર્વ રાષ્ટ્રપતિના પુસ્તકમાં કહેવામાં આવ્યું છે કે હાર માટે ઘણી હદ સુધી પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહ અને કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી જવાબદાર હતા. તેવા સમયે જયારે કોંગ્રેસ નેતૃત્વ સંકટના સમયમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે આ પુસ્તકમાં કરવામાં આવેલી ટિપ્પણીથી વિવાદ ઉભો થવાની આશંકા છે. પ્રણવ મુખર્જી પોતાના નિધન પહેલા સંસ્મરણ 'ધ પ્રેસિડેન્શિયલ ઈયર્સ' લખી ચુકયા છે. રૂપા પ્રકાશન દ્વારા પ્રકાશિત આ પુસ્તક જાન્યુઆરી ૨૦૨૧માં વાચકો માટે ઉપલબ્ધ થશે. મુખર્જીનું કોરોના સંક્રમણ બાદ સ્વાસ્થ્ય સંબંધી બીમારીને કારણે આ વર્ષે ઓગસ્ટમાં ૮૪ વર્ષની ઉંમરે નિધન થયુ હતુ. પુસ્તકમાં પશ્ચિમ બંગાળના એક ગામથી દેશના રાષ્ટ્રપતિ ભવન સુધી તેમની સફર વિશે જણાવવામાં આવ્યું છે. સાથે કોંગ્રેસના પતન અને પાર્ટીમાં ઉભા થયેલા મતભેદો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

પોતાના પુસ્તકમાં મુખર્જીએ આગળ લખ્યુ છે, પાર્ટીના કેટલાક સભ્યોનું તે માનવું હતું કે જો ૨૦૦૪માં તે પ્રધાનમંત્રી બન્યા હોત તો ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે પરાજયનો સામનો ન કરવો પડત. પરંતુ આ વાતમાં હું વિશ્વાસ નથી રાખતો. હું તે માનુ છું કે મારા રાષ્ટ્રપતિ બન્યા બાદ પાર્ટીના નેતૃત્વએ રાજકીય દિશા ગુમાવી દીધી. સોનિયા ગાંધી પાર્ટીના મામલાને સંભાળવામાં અસમર્થ હતા. તો મનમોદન સિંહની ગૃહમાં લાંબી ગેરહાજરીને કારણે સાંસદોની સાથે કોઈપણ વ્યકિતગત સંપર્ક પર વિરામ લાગી ગયો. પૂર્વ



રાષ્ટ્રપતિએ પોતાના પુસ્તકમાં આગળ લખ્યુ છે, 'મારૂ માનવું છે કે શાસન કરવાનો નૈતિક અદિકાર પ્રધાનમંત્રી સાથે જોડાયેલો છે. રાષ્ટ્રની સમગ્ર સ્થિતિ પીએમ અને તેમના તંત્રના કામકાજને પ્રતિબિંબિત કરે છે, જયારે મનમોહન સિંહને ગઠબંધન બનાવવાની સલાહ આપવામાં આવી, તેઓ ગઠબંધનને સાચવી રાખવાનું વિચારતા હતા અને તેની અસર સરકાર પર પણ દેખાતી હતી. તો નરેન્દ્ર મોદીએ પોતાના પ્રથમ કાર્યકાળમાં સર્વાધિકારી શૈલીને અપનાવતા પ્રતીત થઈ જે સરકાર, કાર્યપાલિકા અને ન્યાયપાલિકા વચ્ચે મજબૂત સંબંધોના દ્વારા જોવા મળી હતી.'

## મ.પ્રદેશમાં ઈન્દોર સૌથી ઠંડુ શહેર રહ્યુ

# ગુજરાત સહિત અનેક રાજ્યોમાં કમોસમી વરસાદ, ઠંડીમાં થશે વધારો

*ન્યુ દિલ્હી,તા.૧૨*

ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી કમોસમી વરસાદ પડી રહ્યો છે. રાજયમાં કુલ ૧૪૨ તાલુકામાં વરસાદ પડ્યો હતો, જેમાં સૌથી વધારે સુરતના ઉમરપાડામાં ૨ ઈંચ વરસાદ નોંધાયો છે. સાથે જ દેશના ઘણા રાજ્યોમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. શુક્રવારે ઉત્તર ભારતમાં હવામાનમાં પલટો આવ્યો હતો. ઉપરાંત તાપમાનમાં ૬ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાતાં આગામી ૪૮ કલાકમાં ઠંડી વધી શકે છે.

શુક્રવારે મધ્યપ્રદેશમાં ઈન્દોર સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. અહીં લઘુતમ તાપમાન ૧૯.૪ ડીગ્રી નોંધાયું હતું. રાજસ્થાનના ઉદયપુરમાં શુક્રવારે સવારે વરસાદ પડ્યો હતો. દિવસના તાપમાનમાં ૬.૬ ડીગ્રીનો ઘટાડો થયો હતો. દિલ્હીના અનેક વિસ્તારોમાં આજે સવારે વરસાદ પડ્યો હતો. સમગ્ર શહેરમાં પણ ધુમ્મસ છવાયું છે. સાથે જ હિમાચલમાં બરફવર્ષાને કારણે પંજાબમાં હવામાનમાં પલટો આવ્યો છે. શુક્રવારે મોડી રાત્રે લુધિયાણા, અમૃતસર, જલંધર સહિત અનેક જગ્યાએ વરસાદ પડ્યો હતો.

હરિયાણામાં જિંદ અને પાનિપત સહિતના કેટલાક જિલ્લામાં હળવો વરસાદ પડ્યો હતો. જ્યારે આગામી ૧૨થી ૧૫ ડિસેમ્બર સુધી ધુમ્મસ થવાની સંભાવના વ્યક્ત કરાઇ છે. જ્યારે પર્વત વિસ્તારમાં હિમવર્ષા થતાં તાપમાનમાં ઘટાડો નોંધાઇ શકે છે. રાજસ્થાનના અલવર અને આસપાસના વિસ્તારોમાં હળવો વરસાદ પડ્યો હતો, જેને કારણે તાપમાનનો પારો ૬ ડીગ્રી ઘટ્યો હતો. તો આ તરફ મધ્યપ્રદેશમાં ભોપાલ અને ઈન્દોરમાં પણ વરસાદ પડ્યો હતો. પંજાબ અને હરિયાણાના અનેક વિસ્તારોમાં પણ વરસાદ પડ્યો હતો.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યૂલેશનનાં કારણે ગુજરાતના વાતાવરણ ઉપર અસર જોવા મળી રહી છે. ગઈકાલે કમોસમી વરસાદ અને આજે ધુમ્મસ ભર્યું વાતાવરણ સર્જાયું છે. આગામી ૨૪ કલાક વાતાવરણ યથાવત રહેશે અને દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદી ઝાપટા પડવાનું હવામાન વિભાગનું અનુમાન છે.

## હજુ કેટલા બલિદાન આપવા પડશેઃરાહુલ ગાંધી

*ન્યુ દિલ્હી,તા.૧૨*

અત્યાર સુધીમાં કડકડતી ઠંડી વચ્ચે ખેડૂત આંદોલનમાં ૧૧ ખેડુતોનાં મોત નીપજયાં છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ૧૧ ખેડુતોનાં મોતને લઈને કેન્દ્રની મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારને સવાલ કર્યો છે કે આ કાળો કાયદો દૂર કરવા માટે કેટલા ખેડૂત ભાઈઓને પોતાની જીંદગી કુરબાન કરવી પડશે? રાહુલ ગાંધીએ અગાઉ શુક્રવારે મોદી સરકાર પર ખેડૂતોની આવક અંગે નિશાન સાધ્યું હતું. રાહુલ ગાંધીએ ખેડૂતોની આવક અંગેનો એક ચાર્ટ શેર કર્યો હતો, જેમાં પંજાબના ખેડૂતની આવક આખા દેશમાં સૌથી વધુ હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે દેશનો ખેડૂત પંજાબના ખેડૂતની જેટલી આવક ઇચ્છે છે, પરંતુ મોદી સરકાર ઇચ્છે છે કે તેની આવક બિહારના ખેડૂત જેટલી થઇ જાય.

## ઑક્ટોબરમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ૩.૬ ટકાનો વધારો નોંધાયો

*ન્યુ દિલ્હી,તા.૧૨*

કોરોના અને લોકડાઉનના કારણે કથળેલી દેશની ઈકોનોમીની વચ્ચે રાહતની એક ખબર પણ આવી છે.જે પ્રમાણે ઓક્ટોબરમાં દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૩.૬ ટકાનો વધારો થયો છે.

જાહેર થયેલા આંકડા પ્રમાણે ઓક્ટોબરમાં ઔદ્યોગિક પ્રોડક્શનમાં ગ્રોથ જોવા મળી છે અને તે આઠ મહિનામાં સૌથી વધારે છે.દેશમાં ફેકટરી ઉત્પાદન પોઝિટિવ રહ્યુ હોય તેવો સત બીજો મહિનો છે.સતત ૬ મહિના સુધી ઔદ્યોગિક ઉત્પાદનમાં ઘટાડો નોંધાયા બાદ સપ્ટેમ્બરમાં ૦.૨ ટકાનો મામૂલી ગ્રોથ જોવા મળ્યો હતો.જોકે ઓક્ટોબરમાં ઔદ્યોગિક ઉત્પાદનના ગ્રોથમાં ખાસો વધારો જોવા મળ્યો છે.

વધારા માટે ઈલેક્ટ્રિસિટી અને મેન્યુફેકચરિંગ સેક્ટરનો સારો દેખાવ સૌથી વધુ જવાબદાર છે.ઈલેકટ્રીસિટી સેક્ટરમાં ૧૧.૨ ટકાનો અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ૩.૫ ટકાનો ગ્રોથ નોંધાયો છે.જોકે માઈનિંગ સેક્ટરના ગ્રોથમાં ૧.૫ ટકાનો ઘટાડો થયો છે.

રિઝર્વ બેક્ર પહેલા પણ કહી ચુકી છે કે, દેશની ઈકોનોમીમાં રિકવરી શરુ થઈ ચુકી છે.ત્રીજા ક્વાર્ટરમાં દરેક ક્ષેત્રમાં ગ્રોથ જોવા મળી શકે છે.

જોકે હાલમાં ઓવરઓલ ઈકોનોમીની વાત કરવામાં આવે તો રીકવરીના ખાસ સંકેત મળ્યા નથી, સરકારે જે રાહત પેકેજ જાહેર કર્યા હતા તેની ઝાઝી અસર જોવા મળી નથી.રોજગારીની વાત કરવામાં આવે તો નવેમ્બરમાં જ ૩૫ લાખ લોકો નોકરી ગુમાવી ચુક્યા છે.

# ચીનને વધુ એક આંચકોઃ નોઈડામાં સેમસંગનું યુનિટ સ્થપાશે

*)લખનઉ,તા.૧૨*

મલ્ટિનેશનલ કંપની સેમસંગ અગાઉ જે પ્લાન્ટ ચીનમાં નાખવાની હતી એ હવે ભારતના ઉત્તર પ્રદેશના નોઇડામાં નાખશે એવી જાણકારી મળી હતી.

ઉત્તર પ્રદેશના પ્રધાન મંડળે સેમસંગના પ્રસ્તાવને બહાલી આપી હતી. આમ ચીનને વધુ એક આર્થિક ફટકો પડ્યો હતો. સેમસંગ નોઈડામાં પ્લાન્ટ નાખે તો ભારત સરકારની સ્કીમ ફોર પ્રમોશન ઑફ મેન્યુફેક્ચરીંગ ઑફ ઈલેટ્રોનિક્સ કોમ્પોનન્ટ્સ એન્ડ સેમીકંડક્ટર્સ (જીઈઝજી-સ્પેક્સ) અન્વયે ૪૬૦ કરોડ રૂપિયાની સબસિડી મળશે.

આ યોજના હેઠળ રાજ્ય સરકાર ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરીંગ નીતિ અન્વયે કેપિટલ સબસિડી અને સ્ટેમ્પ ડ્યૂટીમાં રાહત આપશે. સેમસંગ નોઈડામાં ૪,૮૨૫ કરોડ રૂપિયા રોકશે અને આશરે ૧૫૦૦ સ્થાનિક યુવાનોને રોજીરોટી મળશે. અત્યારે વિશ્વમાં ટેલિવિઝન, મોબાઈલ ફોન, ઘડિયાળ અને કમ્પ્યુટર ક્ષેત્રે સેમસંગ ૭૦ ટકા હિસ્સો ધરાવે છે. સેમસંગનું યુનિટ નોઈડામાં સ્થપાય તેથી નોઈડા અને ઉત્તર પ્રદેશને દુનિયાભરમાં એક અલગ ઓળખ મળશે. ગયા વરસે સેમસંગે ૨.૭ બિલિયન ડૉલર્સની નિકાસ કરી હતી. આગામી પાંચ વર્ષમાં ૫૦ બિલિયન (અબજ) ડૉલર્સની નિકાસ કરવાની તેની યોજના હતી.

# દેશમાં કુલ કોરોનાના કેસ ૯૮ લાખને પારઃ ૨૪ કલાકમાં ૩૦ હજારથી વધુ કેસ નોંધાયા

*યુ દિલ્હી,તા.૧૨*

ભારતમાં કોરોના વાયરસ સંક્રમણની ગતિ ધીમી પડી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં માત્ર ૩૦,૦૦૫ કેસ સામે આવ્યા છે અને ૪૪૨ લોકોના મૃત્યુ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં લગભગ ૩ હજારથી વધુ એક્ટિવ કેસ ઓછા થયા છે. અત્યાર સુધી દેશમાં ૯૩,૨૪,૩૨૮ લોકો કોરોનાને માત આપી સાજા થયા છે. પરંતુ ૧,૪૨,૬૨૮ લોકોના કોરોનાને કારણે મોત થયા છે. પરંતુ ભારતમાં મૃત્યુદર ઘણા દેશોની તુલનાએ ઓછો છે. ભારતમાં અત્યાર સુધી ૯૮,૨૬,૭૭૫ લોકો કોરોના વાયરસથી સંક્રમિત થઈ ચુક્યા છે. આ વચ્ચે સારા સમાચાર છે કે ભારતમાં જલદી કોરોના વેક્સિન આવવાની આશા છે. ત્યારબાદ સ્થિતિમાં સુધારો થઈ શકે છે.

કોરોના સંક્રમણની જાણકારી મેળવવા માટે દેશમાં કોરોના ટેસ્ટની સંખ્યા ૧૫ કરોડને પાર થઈ ગઈ છે. છેલ્લા એક કરોડથી વધુ ટેસ્ટ ૧૦ દિવસ દરમિયાન કરવામાં આવ્યા છે. વધુ ટેસ્ટથી સંક્રમણના દરમાં ઘટાડો કરવામાં મદદ મળી છે. સક્રિય કેસોમાં પણ સતત ઘટાડો થઈ રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યુ કે, દેશમાં સતત ૧૨ દિવસથી કોરોના વાયરસ સંક્રમણના ૪૦ હજારથી ઓછા કેસ સામે આવી રહ્યાં છે.

સીએસઆઈઆર-સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલિક્યુલર બાયોલોજી (સીસીએમબી) તથા એપોલો હોસ્પિટલે ગુરૂવારે સંયુક્ત રૂપથી કોરોના રેપિડ ટેસ્ટ કિટનું નિર્માણ અને તેના વ્યવસાય માટે સમજુતીની જાહેરાત કરી છે. સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સીસીએમબી તથા એપોલો હોસ્પિટલ એન્ટરપ્રાઇઝ કોરોના ટેસ્ટિંગ માટે એમ્પલીફિકેશન રેપિડ આરટી-પીસીઆર (ડીએસઆરઆરટી-પીસીઆર)ના નિર્માણ અને વ્યવસાય માટે સહયોગ કરશે. આ ટેસ્ટ કિટનો વિકાસ સીએસઆઈઆર-સીસીએમબીએ કર્યો છે. કોરોનાની ઝડપથી તપાસ માટે સુરક્ષિત તથા સસ્તી આ કિટ દેશભરમાં એપોલો નેટવર્ક દ્વારા ઉપલબ્ધ થશે.

## મહારાષ્ટ્ર સરકારે સરકારી કર્મચારીઓ માટે ડ્રેસ કોડ જાહેર કર્યો

# મહારાષ્ટ્રમાં સરકારી કર્મચારીઓ જીન્સ-ટી-શર્ટ અને સ્લીપર્સ નહિ પહેરી શકે

*મુંબઇ,તા.૧૨*

મહારાષ્ટ્રમાં સરકારી કર્મચારીઓ માટે ડ્રેસ કોડ અમલમાં આવે તેવી શક્યતા છે. આમ હવે જીન્સ અને ટી શટ્ર્સ ભૂતકાળ બની જાય તેમ છે. સરકારી ઓફિસોમાં આવા ડ્રેસો યોગ્ય નથી તેમ મહારાષ્ટ્ર સરકારનું માનવું છે. મહારાષ્ટ્રમાં નવા ડ્રેસ કોડ મુજબ કર્મચારીઓને ઓફિસમાં સ્લીપર્સ પહેરવાની પણ છૂટ નથી. એટલું જ નહિ તમામ સરકારી કર્મચારીઓએ શુક્રવારના દિવસે ખાદીના કપડા પહેરવાના રહેશે. જોકે તે માટે હાથસાળને પ્રોત્સાહન આપવાનો હેતુ જાહેર કરાયો છે તેમ આઠમી ડિસેમ્બરે જાહેર કરાયેલા સર્ક્યુલરમાં જણાવાયું છે.તેમાં ઉમેરાયું છે કે 'એવું જાણવા મળ્યું છે કે કેટલાક અધિકારીઓ અને સ્ટાફના કર્મચારીઓ સરકારી કર્મચારીઓને છાજે તેના વસ્ત્રો પહેરતા નથી. આને કારણે સરકારી સ્ટાફની ઈમેજ લોકોમાં ખરડાય છે.' 'લોકો તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ પાસેથી સારા વ્યવહાર અને વ્યક્તિત્વની અપેક્ષા સેવે છે. આમ જો તેમની વેશભૂષા સ્વચ્છ નહિ રહે તો તેનાથી તેમના કામને આડકતરી અસર પડે છે.'આમ વેષભૂષા યોગ્ય અને સ્વચ્છ હોવી જોઈએ તેમ જણાવતાં સર્ક્યુલરમાં ઉમેરાયું છે કે મહિલા કર્મચારીઓ સાડી, સવારો અને ચુડીદાર કુર્તા, ટ્રાઉઝર્સ પેન્ટ્સ અને શટ્ર્સ પહેરી શકે છે. પરંતુ જો જરૂરી હોય તો તેની સાથે દુપટ્ટા પણ હોવા જોઈએ. મહિલા કર્મચારીઓએ ચપ્પલો, સેન્ડલ્સ કે જૂતા પહેરવાના નહિ રહે. જોકે પુરુષો માટે પસંદગીનો અવકાશ ઓછો છે. તેઓ શટ્ર્સ અને પેન્ટ્સ કે ટ્રાઉઝર્સ કે પેન્ટ્, પહેરી શકે છે. ઘાટ્ટા કે વિચિત્ર રંગના પરિધાનો પણ બાધ્યા છે. સરકારી કર્મચારીઓએ ઓફિસોમાં જીન્સ કે ટી-શટ્ર્સ પહેરવાના રહેશે નહિ તેવો આદેશ સર્ક્યુલરમાં કરાયો છે.

# ટેક્સાસમાં મતગણતરીમાં ગોટાળાની અરજી સુપ્રિમ કોર્ટે નકારતા ટ્રમ્પને મોટો ઝટકો

*વૉશિંગ્ટન,તા.૧૨*

ટેક્સાસ સ્ટેટમાં મતગણતરી ટાણે ધાંધલ અને ગોટાળા થયા હતા એવી ડોનાલ્ડ ટ્રમ્પની અરજી સુપ્રીમ કોર્ટે કાઢી નાખતાં ટ્રમ્પ અને તેમના ટેકેદારોને આંચકો લાગ્યો હતો.

વ્હાઈટ હાઉસ ખાલી ન કરવું પડે એટલા માટે અત્યાર સુધી ટ્રમ્પ જાતજાતનાં બહાનાં કાઢતા રહ્યા હતા. લગભગ દરેક સ્ટેટમાં મતગણતરીમાં ગોટાળા થયા હોવાના આક્ષેપ ટ્રમ્પ કરતા રહ્યા અને કેટલાક સ્ટેટમાં કોર્ટમાં ધા પણ નાખી. પરંતુ દરેક કોર્ટમાં તેમની ફરિયાદ ખોટી સાબિત થઇ. આમ ટ્રમ્પ હવે અમેરિકાના પ્રમુખ રહ્યા નથી. એમણે વહેલા મોડા વ્હાઇટ હાઉસ ખાલી કરવું પડશે. એ જાણે છે કે વ્હાઇટ હાઉસ ખાલી કર્યા બાદ જો એમના દુષ્કૃત્યોની તપાસ થાય તો તેમણે જેલમાં જવું પડશે એટલે એ વ્હાઇટ હાઉસ ખાલી કરવાના મૂડમાં નથી. ટ્રમ્પને તેમના પુત્રોનો ટેકો છે. પરંતુ પત્ની અને પુત્રી જમાઇ એમને સતત સમજાવતા રહ્યા કે હવે તમે પરાજિત છો. વ્હાઇટ હાઉસ ખાલી કરવાની તૈયારી કરો. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે ટેક્સાસ પાસે જ્યોર્જિયા, મિશિગન, વિસ્કોન્સીન અને પેન્સિલવેનિયા સામે કેસ કરવા માટે કોઇ યોગ્ય ભૂમિકા રહી નથી. જસ્ટિસ સેમ્યુઅલ અલિટો અને જસ્ટિસ ક્લેરેન્સ થોમસે કહ્યું કે અમે ટેક્સાસ સામે કેસ કરવાની પરવાનગી આપી હતી પરંતુ બાકીનાં ચાર સ્ટેટનાં પરિણામોને આખરી સ્વરૂપ આપવા પર કોઇ પ્રતિબંધ મૂક્યો નહોતો. તમે કરેલા તમામ આરોપો નાપાયાદાર અને ખોટા હતા.

# રાજકીય કાર્યકરોએ વિચારધારા સાથે બાંધછોડ કરવી જોઈએ નહીઃ પવાર

*મુંબઇ,તા.૧૨*

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના અધ્યક્ષ શરદ પવારે શનિવારે જણાવ્યું કે રાજકીય કાર્યકરોએ તેમની વિચારધારા સાથે ક્યારેય પણ સમજૂતિ કરવી જોઈએ નહીં. પવારના ૮૦માં જન્મદિવસ નિમિત્તો પાર્ટીના એક કાર્યક્રમમાં વરિષ્ઠ રાજકીય નેતાએ જણાવ્યું કે, નવી પેઢીના કાર્યકરો બનાવવાથી ભવિષ્યમાં રાજ્ય અને દેશને વધુ મજબૂત બનાવવામાં મદદ મળશે.

એનસીપી પ્રમુખ શરદ પવારે જણાવ્યું કે, રાજકીય



કાર્યકરોએ તેમના વિચારો પર અડગ રહેવું જોઈએ. મહાત્મા જ્યોતિબા ફુલે, બી આર આંબેડકર અને છત્રપતિ શાહુ મહારાજની પ્રગતિશીલ વિચારધારાને નવી પેઢીના કાર્યકરોમાં ઉતરાવી અનિવાર્યા છે. વિચારધારા એ જીવનની ફિલસુફી છે તેવું જણાવતા પૂર્વ કેન્દ્રીય મંત્રીએ ઉમેર્યું કે, સમાજ સેવા વખતે પણ લોકોએ સતર્ક રહેવાની જરૂર છે.

જયારે તમે સમાજના છેવાડાના વ્યક્તિની કાળજી રાખો છો તો ત્યારે તમે જીવનપથ પર આગળ જવા માટે ઘણું શીખી શકો છો. છેલ્લા પાંચ દાયકામાં લોકોએ મને કામ કરવાની તક આપી છે. લોકોના ઉત્થાનના કાર્યો માટે સામાજિક સુધારકો મહાત્મા ફુલે અને બી આર આંબેડકરે વૈજ્ઞાનિક સ્વભાવનો પરચો આપ્યો હતો. આવા મહાન લોકોને ફક્ત યાદ રાખવા જોઈએ એટલું જ નહીં પરંતુ તેમના પગલે લોકકલ્યાણ માટે આગળ વધવું મહત્વનું બને છે. પવારે આ પ્રસંગે પોતાના માત-પિતાને યાદ કરતા કહ્યું કે તેમણે મને શિખવ્યું કે રાજકીય અને સામાજિક કાર્યો કરવાની સાથે પરિવારની જવાબદારીની અવગણના ના કરવી જોઈએ. નોંધનીય છે કે મહારાષ્ટ્રમાં ભાજપના શાસનનો અંત લાવીને શિવસેના, એનસીપી અને કોંગ્રેસની મહારાષ્ટ્ર વિકાસ અઘાડી પાર્ટીની રચનામાં શરદ પવારનો મહત્વનો ફાળો રહ્યો હતો.

# ભારતે સાત મહિનામાં ૬ કરોડ પીપીઈ કિટ, ૧૫ કરોડ એન-૯૫ માસ્કનું ઉત્પાદન કર્યું

*ન્યુ દિલ્હી,તા.૧૨*

દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૯૮ લાખને પાર થઈ ચુક્યો છે. કોરોનાને કાબૂમાં રાખવા માટે સરકાર લોકો પાસે માસ્ક અને કોરોના પ્રોટોકોલનું પાલન કરવા સતત આગ્રહ કરી રહી છે.

દેશમાં આ સમયગાળામાં PPE કિટ અને માસ્કની અછત પણ જોવા મળી હતી. કેન્દ્રીય કાપડ મંત્રી સ્મૃતિ ઈરાનીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી આત્મનિર્ભર ભારત પર એક કાર્યક્રમને સંબોધિત કરતા કહ્યું કે, ભારતે માત્ર સાત મહિનામાં ૬ કરોડથી વધારે પર્સનલ પર્સનલ ઈક્વિપમેન્ટ અને ૧૫ કરોડ ન્૯૫ માસ્કનું ઉત્પાદન કર્યું છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું, ભારતે માર્ચથી ઓક્ટોબર સુધી ૬ કરોડથી વધારે PPE અને ૧૫ કરોડ N95 માસ્કનું ઉત્પાદન કર્યું. અમે ૨ કરોડથી વધારે PPE સૂટ અને ૪ કરોડ માસ્કની અત્યાર સુધીમાં નિકાસ કરી છે. તેમણે જણાવ્યું કે, માર્ચ સુધી ભારતમાં PPE સૂટનું ઉત્પાદક કોઈ પણ કંપની નહોતી અને આજે ૧૧ હજારથી વધારે કંપનીઓ સુરક્ષાત્મર ઉપકરણ બનાવી રહી છે. આ પ્રકારે માર્ચમાં માત્ર બે કંપની N95 માસ્ક બનાવી રહી હતી, આજે ૨૦૦થી વધારે કંપનીઓ આ કામમાં લાગી છે.



અદના અદાકાર દિલીપકુમાર સાહેબ ને ૯૮ માં જન્મદિને દીર્ઘાયુ આયુષ્ય શુભેચ્છા

# કોરોના ના થાય એના માટે શું કરવું ?,થયી જાય તો શું કરવું ?

(૧) આપણને ખબર પડે કે આપણા કોઈ સગા-મિત્રને કોરોના થયો છે તો ફોન કરીને કોઈ મોટો પહાડ તૂટી પડ્યો હોય એવું વાતાવરણ ઉભું ના કરીયે

(૨)આપણને કોરોના નથી થયો એનો મતલબ આપણી જાતને સુપર ઇમ્યુનલ પાવરવાળી સમજવાની કોઈ જરૂર નથી કારણકે ૧૦૦માં થી ૯૮જણાને એ સામાન્ય પ્રયત્ને જ મટી જ જાય છે.

(૩) કોરોના થયો હોય એ વ્યક્તિને બાર માઈલ દૂર બેઠા બેઠા ફોન પર ઉકાલા-ઉકાલી પીવાની ફાલતુ સલાહો આપવાની કોઈ જરૂર નથી.આજકાલ કરતા બાર મહિના થવા આવ્યા

(૪) કોરોનાથી જે મૃત્યુ થાય છે તે આ રોગના હાયકારામાં અને રોગ જાહેર થવાના ડરથી ટેસ્ટ ના કરાવવાની ડરપોક માનસિકતાને કારણે ઈલાજમાં થતી દેરી ને કારણે થાય છે...ખરેખર કોરોનાને કારણે તો ૦.૧% લોકો જ મરી રહ્યા છે.જેથી કોરોનાની બીમારીમાં દર્દી માનસિક સ્ટ્રોંગ રહે તે પ્રકારે પ્રયાસ કરવા ખૂબ જરૂરી છે પણ આપણે ફોન ઉપર જાણે-અજાણે દર્દીને સતત ડરાવવાનો જ પ્રયત્ન કરીએ છીએ..જેમ કે..શ્વાસ લેવામાં તકલીફ તો નથી ને ?...હમણાં જ ફલાણા ભઈ કોરોનામાં ગુજરી ગયા ...વિગેરે

(૫)ખરેખર ખરા હૃદયથી આપણે મદદ કરવા માંગતા હોઇએ તો જે ઘરમાં કોરોનાના દર્દી હોય એમને ખોરાક-ફ્રૂટ-દવાઓ સમયસર મળી રહે છે કેમ ? એ સુનિશ્ચિત કરવાની જરૂર છે.દર્દીથી ૧૦ ફૂટ દૂર ઉભા રહી વાત કરી શકાય

(૬) કોરોના એ એક ચેપી રોગ છે એટલે સાવચેત રહેવાની પૂરી જરૂર છે પણ દર્દી પોતે માનસિક સ્ટ્રોંગ રહે આ રોગ તાવ-શરદી-ખાંસી અને ફેફસાંમાં ઓક્સીજન ન મળવાની મોટી બીમારી છે જેથી સાવચેતી ને કાળજી ખુબ જરુરી છે

સંપાદક : મનહર વ્યાસ .જાણકારી મુજબ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત NOG સાહિત્ય સરિતા - ૧ " સથવારો" વિષય અંતર્ગત ગ્રુપ મેમ્બરો ની આજે ગદ્ય .. રચનાં.

સંચાલક/તંત્રી : પ્રદીપ રાવલ

વોટસ અપ કોલીગ નંબર : ૯૮૨૪૬૫૩૦૭૩

www.janfariyadnews.com

---

NGO. નંબર ૭૩

વિભાગ.ગદ્ય

શીર્ષક.સથવારો.

માઇક્રોફિક્શન

આજે લગ્નના ૩૦ વર્ષ પુરા થાય વિજયે ક્યારેય નોંધ નથી લીધી કે

માલતી તું કેવી છે? કેમ છે? તને કોઈ તકલીફ છે કે નહીં?ને આજે અચાનક એણે એમ કીધું મને તારા સથવારાની જરૂર છે,આને શુ ગણું? ઉંમરનો પડાવ સમયનું પરિવર્તન કે મારા પ્રત્યેનો આટલા વર્ષે ફરી ઉદ્દભવેલો સાચો પ્રેમ.

નયના પટેલ..વડોદરા.

---

NOG No OO71

વિભાગ : ગદ્ય

શીર્ષક : સથવારો

સથવારો ...

સીધા શબ્દોમાં આનો અર્થ એમ કરી શકીએ કે સાથ આપવો અથવા સાથે હોવું ...

પણ મારા મત મુજબ ફક્ત સાથે હોવું એને સથવારો ન કહી શકાય, સાથે હોય પણ જોડાયેલા ન હોય એને સથવારો કઈ રીતે કહી શકાય?

હજી ના સમજ્યા? ચાલો વધુ સરળ રીતે એક વાર્તા દ્વારા સમજાવું,

સંકલ્પનું ઘર અહીં તો સંયુક્ત કુટુંબ કહેવાય, દાદા, કાકા,કાકી, મમ્મી પપ્પા, ભાઈ બહેન, કાકાના દીકરાઓ,... પણ આમ જુવો તો સૌ પોતાની દુનિયામાં જ વ્યસ્ત, પપ્પા અને કાકા એક જ દુકાનમાં કામ કરે એટલે ફક્ત એ બે ભાઈઓ જ સાથે જોવા મળે, બાકી એના મમ્મી સાવ ઘરેલુ ગૃહિણી, જયારે એના કાકી મોટાભાગે કીટીપાર્ટીમાં જ વ્યસ્ત હોય, બેન એની સ્કુલની ફ્રેન્ડ સાથે વાત કરતી અને રમતી જોવા મળે, ભાઈઓ બધાં પોતપોતાની કોલેજની દુનિયામાં રચ્યાપચ્યા રહેતા, દાદા તો ભાગ્યે જ પોતાના રૂમમાંથી બહાર આવતા, તેમનો ચા નાસ્તો, જમવાનું બધું સમયસર તેમની રૂમમાં પહોંચી જતું.

ટૂંકમાં કહું તો ઘરમાં બધાએ સાથે બેસીને જમવાની કોઈ પ્રણાલી જ નોહતી, ૧૨ વ્યક્તિનો પરિવાર ક્યારેય એકસાથે જોવા જ ન મળે, ક્યારેય કોઈએ એ જાણવાની કોશિશ જ નોહતી કરી કે દાદા પોતાનો આખો દિવસ પોતાના રૂમમાં કઈ રીતે પસાર કરતા હશે?

આમ જુવો તો બધા સાથે હતા, પણ કોઈને કોઈનો સથવારો ન હતો.

ઘણીવાર તો એવુ ય બનતું કે મહિનાઓ સુધી પરિવારના બધા સભ્યોએ એકબીજાને જોયા પણ ન હોય, કોઈના ઘરમાં આવવાનો સમય હોય તો કોઈના ઘરની બહાર જવાનો, સૌ પોતપોતાના સમયે આવતા-જતાં, કોઈને કોઈની કાંઈ પડી જ નોહતી. કહેવા માટે તો સંયુક્ત કુટુંબ હતું પણ કોઈને કોઈનો સથવારો ન હતો.

પારૂલ ઠક્કર "યાદ" ભાવનગર

---

NOG No. 0018

વિભાગ = ગદ્ય

શીર્ષક = સાથ

પોતાનો એક માત્ર વહાલસોયો દીકરો પોતાના ઘડપણની લાકડી બનશે અને પોતાની વૃદ્ધાવસ્થા દરમિયાન છેક અંતિમ સમય સુધી સાથ, સહકાર અને સથવારો આપશે એવી આશાએ ઉછેરીને મોટા કરેલા પુત્રને જ્યારે પોતાના ઘરની પાછળ આવેલા પાર્કમાં એક છોકરી સાથે વાત કરતા સાંભળ્યો," જો બકા ,હું તને ખુબ જ પ્રેમ કરું છું, અને તારા માટે મારાં મા બાપને પણ છોડવા તૈયાર છું."

આટલું સાંભળી અને શંભુકાકાના પગ નીચેથી જમીન સરકી ગઈ, તેમને પગથી લઈ અને માથા સુધી કમકમાટી પ્રસરી ગઇ અને આખા શરીરમાંથી ધ્રુજારી વછૂટી ગઈ.

ઘરે આવી અને શંભુકાકા એ શાંતાકાકી સાથે આખી વાત કરી ત્યારે શાંતાકાકીને ખૂબ જ દુઃખ થયું પરંતુ તેમણે શંભુકાકાને સમજાવ્યા કે આપણા જ સંસ્કારોમાં કોઇ ખામી રહી હશે નહીંતર આવું ના થાય. હવે એવું કરો કે જેથી આપણા દીકરાને આપણા કારણે નીચે જોવું ન પડે. તેને પોતાના મિત્રો સામે નીચા જોવા જેવું ન થાય.

થોડો વિચાર કર્યા પછી શંભુકાકા એ શાંતાકાકીની વાતમાં હામી ભરી અને ટેબલ પર એક ચિઠ્ઠી મૂકી અને વૃધ્ધ દંપતીએ વૃદ્ધાશ્રમની વાટ પકડી

"બેટા, તું તો અમારા ઘડપણની લાકડી ના બની શક્યો પરંતુ જેને વચન આપ્યું છે તેનો સાથ જિંદગીભર નિભાવજે તેનો સથવારો આજીવન છોડીશ નહીં. તને તારી ખુશીઓ મુબારક અમારા દુઃખો અમારી સાથે.."

લિ. તારો કોઈ નહીં ભરત રબારી

( માંગરોળ,જી. જુનાગઢ)

---

NOG No :- 0041

શીર્ષક:સથવારો

વિભાગ:ગદ્ય (માઈક્રોફિક્શન)

જયના ફોટા સામે જોતા જ વિધિ જાણે ભૂતકાળની યાદોમાં સરી પડી.

જયે એને હંમેશાં કહેલું ,"તું તો મારો ભવોભવનો સથવારો છે."પણ જયે કરેલો એ પ્રણ આ સથવારા પણ કિંમતી હતો.

સંઘાર ગીતા કાનજીભાઈ( નિલમ) ગઢશીશા

---

NOG No.0007

સથવારો (માઈક્રોફીક્શન)

આજે પાંચ વર્ષ પછી એ કોરા કપાળે ચાંદલો લાગ્યો...........!અને જીવનભર સાથે રહેવાના કોલ આપીને આજીવનના સથવારાને એણે પોતાના પાલવે બાંધી લીધો.

લેખિકા : આરતી મરચંટ મુંબઈ- કાંદીવલી.

---

NOG No :: 0017

શબ્દ :: સથવારો

વિષય :: લેખ (સથવારો )

કોણ, કોનો, કેવો સથવારો?

વેલને જોઈએ વાડનો સથવારો તો વાડને જોઈએ દોસ્તનો સથવારો.

આપ વિચારો છો કે, વાડને તે વળી દોસ્ત કોણ? હા, વાડને દોસ્ત તો હોય જ. એ પણ એક નહીં અનેક ત્યારે જ તો એ વાડના સ્વરૂપે નિહાળી શકાય. વાડ કેટકી, થોરની હોય કે પછી ચોકડી પાડીને ગુંથેલા તારની? એકબીજા સાથે જોડાઈને ઉભા રહેશે ત્યારે જ એ વાડ સ્વરૂપે લાંબો સમય સુધી ટકી શકશે.

ખેતરનાં ફરતે શેઢે કોઈ એક જ કેટકી કે એક જ થોરનો સોટો રોપ્યો હોય કે પછી એકાદ તાર બાંધી દીધો હોવાથી વાડ બાંધી છે એમ ક્યારેય ના કહી શકાય. એટલે જ વાડમાં અનેક દોસ્તોનો સથવારો જ સમાયેલો છે.

હવે, શું નદી, તળાવ કે વૃક્ષને જોઈએ સથવારો? હા, હા, કેમ નહીં? નદી તળાવને એના કિનારાનો સથવારો છે, તો વૃક્ષને એના ડાળ પાનનો સથવારો છે. કિનારા વગરની નદી ના હોઈ શકે અને ડાળ પાન વગરનું વૃક્ષ તો ઠૂંઠું જ કહેવાય ને?

કુદરતે કળા કેવી કીધી આ સથવારા તણી,
માન ન માન મનવા,
સંપતિ એની સૌએ લૂંટી,છતાં ન થયો ધણી.
એકલવાયો બબડતો બોલતો માનવી,
કહેશો પાગલ માઈલ દૂર જઈ,
સથવારો હશે પાગલને દોસ્ત તણો
ના જોશો નજર ઉઠાવી પાગલ ભણી.
સથવારો સાચો સૌને સમૂહનો,
એકલ દોકલને જાશે લૂંટારા લણી.
મનવા કેરા આ જગતમાં
મળ્યો સથવારો સૌને મોબાઈલ નેટનો,
નાના મોટા સહુ બીઝી ફોનમાં
તૂટ્યો સથવારો દોસ્તી નામના ગેટનો.

- તેજલ વઘાસીયા (ઉમરાળી, જુનાગઢ)

---

શીર્ષકઃ સથવારો.

NOG NO : 0043

સથવારો એટલે સાથ, સહકાર. કહેવાય છે કે માનવીને જો કોઈનો સાથ મળી જાય તો તે મુશ્કેલથી પણ મુશ્કેલ કામને સફળતાની સીડી સુધી પહોંચાડી દે છે.

પણ શું આપણે માનવી જાણીએ છીએ કે આપણે આ સફળતા પ્રાપ્ત કરીએ છીએ એમાં સૌથી મોટો ફાળો કોનો છે? એ છે આપણા કર્મોનો સથવારો. મનુષ્યનો દેહ એનો સાથ ત્યજી દે છે,પણ તેણે સંપૂર્ણ જીંદગી કરેલા કર્મો એનો સાથ કદી નથી છોડતું.અરે આ તો નશ્વર દેહ છે,પણ આપણા કર્મ તો પારાશીશી છે. એટલે જ કદાચ કહેવાય છે કે...

ન ગણતરી કર રૂપિયા કે જમીનની,
કર ગણતરી તારા કર્મની,
લઈ કર્મનો સંગાથ,
બનશે આ જીવન ધનવાન.

મૈત્રી ઉપાધ્યાય અમદાવાદ




# કોટનના વાયદામાં રૂ.૩૪૦નો સાપ્તાહિક ધોરણે ઉછાળોઃ કપાસ, સીપીઓમાં તેજીનો માહોલ

મુંબઈ

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૪થી ૧૦ ડિસેમ્બરના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં નરમાઈનો માહોલ હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૫ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૧૦૦ ઘટ્યો હતો. તમામ બિનલોહ ધાતુઓ વધીને બંધ થઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંનેમાં વૃદ્ધિ થઈ હતી. કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન) અને કપાસના વાયદામાં ઉછાળો હતો. સીપીઓમાં તેજીના માહોલ સામે મેન્થા તેલમાં નરમાઈ હતી.

દરમિયાન, કીમતી ધાતુનો સૂચકાંક બુલડેક્સનો ડિસેમ્બર વાયદો ૧૫,૨૨૩ના સ્તરે ખૂલી, ઊંચામાં ૧૫,૫૩૮ અને નીચામાં ૧૫,૦૬૭ના મથાળે અથડાઈ સપ્તાહ દરમિયાન ૪૭૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૫૫ પોઈન્ટ ઘટી ૧૫,૧૫૮ના સ્તરે બંધ થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સનો ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૩,૪૧૫ના સ્તરે ખૂલી, ઊંચામાં ૧૩,૯૨૫ અને નીચામાં ૧૩,૩૪૨ બોલાઈ, સપ્તાહ દરમિયાન ૫૮૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૪૩૫ પોઈન્ટ વધીને ૧૩,૮૪૨ના સ્તરે બંધ થયો હતો.

કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯,૪૧૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૦,૧૭૫ અને નીચામાં રૂ.૪૮,૮૭૪ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૨૨૫ના ભાવઘટાડા સાથે રૂ.૪૯,૦૭૭ના સ્તરે બંધ થયો હતો.

ગોલ્ડ-ગિનીનો ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૯,૫૪૯ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૮૪ના ભાવઘટાડા સાથે રૂ.૩૯,૪૦૬ થયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪,૯૪૯ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૪ ઘટી બંધમાં રૂ.૪,૯૨૭ના ભાવ થયા હતા.

સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯,૪૨૪ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૫૦,૧૨૨ અને નીચામાં રૂ.૪૮,૮૬૭ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૨૦૬ ઘટી બંધમાં રૂ.૪૯,૦૮૧ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૬૩,૭૨૨ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૬૫,૮૧૭ અને નીચામાં રૂ.૬૨,૩૮૦ના સ્તરને સ્પર્શી, સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧૦૦ના ભાવઘટાડા સાથે રૂ.૬૩,૫૩૦ના સ્તરે બંધ થયો હતો.

ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૩,૭૦૦ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૮૧ ઘટી રૂ.૬૩,૫૩૦ના સ્તરે બંધ થયો હતો, જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૩,૮૨૪ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૭૧ ઘટી બંધમાં રૂ.૬૩,૫૩૧ના ભાવ થયા હતા.

બિનલોહ ધાતુઓમાં તાંબુ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૫૯૨.૪૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૫.૫૦ વધી રૂ.૬૦૬.૨૦ બંધ થયો હતો, જ્યારે નિકલનો ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧,૧૯૭.૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૦૨.૯૦ના ઉછાળા સાથે બંધમાં રૂ.૧,૩૦૨.૮૦ના ભાવ થયા હતા. એલ્યુમિનિયમનો ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૬૫.૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧.૭૫ વધી રૂ.૧૬૬.૬૦ના સ્તરે રહ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો રૂ.૧૫૯ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩.૩૦ વધી રૂ.૧૬૧.૬૫ અને જસતનો ડિસેમ્બર વાયદો રૂ.૨૧૫.૪૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૭.૬૫ વધી રૂ.૨૨૨.૨૦ના સ્તરે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૩,૪૩૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૩,૫૨૨ અને નીચામાં રૂ.૩,૩૧૮ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૯૨ વધી બંધમાં રૂ.૩,૪૭૭ના ભાવ થયા હતા. નેચરલ ગેસનો ડિસેમ્બર વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૬.૯૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩.૯૦ વધી રૂ.૧૯૦.૫૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧,૧૭૧ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૪.૫૦ વધી રૂ.૧,૧૯૦ના સ્તરે બંધ થયો હતો, રૂ (કોટન)નો ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૧૯,૭૯૦ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૪૦ના ઉછાળા સાથે રૂ.૨૦,૧૮૦ના સ્તરે બંધ થયો હતો.

ક્રૂડ પામતેલ (સીપીઓ)નો ડિસેમ્બર વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૮૮૪.૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૩.૪૦ વધી રૂ.૯૧૪.૧૦ના ભાવે બંધ થયો હતો, જ્યારે મેન્થા તેલનો ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૪૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨.૫૦ ઘટી રૂ.૯૪૪.૩૦ના ભાવે બંધ થયો હતો.

## રાજન શાહીનો શો 'અનુપમા' ઘણા સમયથી ટીઆરપીમાં નંબર વન

મુંબઈ,તા.૧૨

રાજન શાહીનો શો 'અનુપમા' ઘણા સમયથી ટીઆરપીમાં નંબર વન પર છે. આ શોને અત્યંત પસંદ કરવામાં આવી રહ્યો છે. શોની સ્ટોરી લાઈન રસપ્રદ છે. વળી, શોની સ્ટારકાસ્ટ પણ લાજવાબ છે. આ શોમાં રૂપાલી ગાંગુલી મુખ્ય ભૂમિકામાં છે. તે શોમાં અનુપમા બની છે. રૂપાલી ટીવી ઈન્ડસ્ટ્રીમાં અત્યંત પ્રખ્યાત છે. તેણે બા, બહુ ઓર બેબી, કાવ્યાંજલિ, સારાભાઈ વર્સીસ સારાભાઈ, સપના બાબુલ કા બિદાઈ, જરા નાચકે દિખા, સંજીવની, પરવરિશ જેવા હિટ શોમાં કામ કર્યું છે. મદાલસા ચક્રવર્તી મિથુન ચક્રવર્તીની પુત્રવધૂ છે. મદાલસાએ મિથુનના પુત્ર મહાક્ષય સાથે લગ્ન કર્યા છે. બંને એક સાથે અત્યંત ખુશ છે. મદાલસા ટીવીની પ્રખ્યાત અભિનેત્રી શીલા શર્મા અને નિર્દેશક સુભાષ શર્માની પુત્રી છે. મદાલસા બોલિવૂડમાં નિર્માતા ગણેશ આચાર્યની ફિલ્મ 'એન્જલ'માં કામ કર્યું છે.

સુધાંશુ પાંડે સિરીયલોની સાથે સાથે ફિલ્મોમાં પણ દેખાય છે. તે ખિલાડી ૪૨૦, સિંગ ઈઝ કિંગ, સિંઘમ, સિયાસત જેવી ફિલ્મોમાં જોવા મળ્યો હતો. અનુપમા શોમાં તે અનુપમાના પતિ વનરાજની ભૂમિકામાં છે. સિરિયલમાં તેના ગ્રે કેરેક્ટરને ફેન્સ દ્વારા અત્યંત પસંદ કરવામાં આવી રહ્યું છે.

### નોકરી છોડવા પર ૧ કરોડનો દંડ થશે

## ઉ.પ્રદેશમાં ગ્રેજ્યુએટ બાદ ડૉક્ટરોએ ૧૦ વર્ષ સુધી સરકારી નોકરી કરવી પડશે

*લખનૌ,તા.૧૨*

યુપીમાં હવે સરકારી હોસ્પિટલોમાં ડોક્ટરોની અછત દુર કરવા માટે સરકારે આકરા પગલા ભરવાની તૈયારી કરી છે.

સરકારે કરેલા નિર્ણય પ્રમાણે પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યા બાદ ડોક્ટરોએ ૧૦ વર્ષ સુધી સરકારી હોસ્પિટલોમાં સેવા આપવી પડશે. જેવુ ભણવાનુ પુરુ થશે કે તરત ડોક્ટરોની સરકારી નોકરી શરુ થઈ જશે.જો ડોક્ટરો અધવચ્ચે નોકરી છોડી દેશે તો તેમને એક કરોડ રુપિયા દંડ ભરવો પડશે.સાથે સાથે પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ અધવચ્ચે છોડી દેનારને ત્રણ વર્ષ સુધી ફરી એડમિશન નહીં મળશે.

યુપી સરકારે ડોક્ટરોની અછત દુર કરવા માટે એક બીજી પણ વ્યવસ્થા કરી છે.જે પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં એક વર્ષ સુધી નોકરી કરનારા ડોક્ટરોને નીટની પ્રવેશ પરીક્ષામાં ૧૦ માર્કની છુટ આપવામાં આવે છે.બે વર્ષ સેવા આપવા બદલ ૨૦ અને ત્રણ વર્ષ સેવા આપવા બદલ ૩૦ માર્કની છૂટ મળે છે.હવે ડોક્ટરો પીજી કોર્સની સાથે સાથે ડિપ્લોમા કોર્સમાં પણ એડમિશન લઈ શકે છે.

ગયા સપ્તાહે જ સીએમ યોગીએ અધિકારીઓને નિર્દેશ આપ્યા હતા કે, નવી બનેલી મેડિકલ કોલેજોમાં પૂરતી સંખ્યામાં ડોક્ટરોની વ્યવસ્થા કરવામાં આવે.જેથી કોરોનાકાળમાં દર્દીઓની વધારે સારી રીતે સારવાર થઈ શકે.સાથે-સાથે જે નવી મેડિકલ કોલેજોને મંજૂરી અપાઈ છે તેનુ નિર્માણ વહેલી તકે થાય તેવા નિર્દેશો પણ તેમણે આપ્યા છે.



*श्री गुजराती समाज के अध्यक्ष महेश पटेल एवं अनुसूया पटेल की पुत्री भक्ति का विवाह अहमदाबाद निवासी किरीट घनश्याम भाई पटेल एवं ज्योतिबेन पटेल के पुत्र मितुल के साथ सम्पन्न हुआ। समारोह में उपस्थित केंद्रीय मंत्री पुरुषोत्तम रूपाला, विधायक कंनुभाई पटेल, विधायक राजा सिंह, गोविंद राठी, जसमत पटेल, चंदूलाल पटेल, सुरेश पटेल, रिद्धीश जागीरदार, अविनाश देवड़ा, जिग्नेश दोषी एवं अन्य।*

## ૨૪ કલાકમાં ૧૪૨ તાલુકામાં કમોસમી વરસાદ પડ્યો

# છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના પાંચ તાલુકામાં દોઢ ઈંચ કરતા વધારે વરસાદ વરસ્યો



અમદાવાદ,તા.૧૨

ગુજરાતમાં આજે વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસરનો ત્રીજો દિવસ છે. ત્રણ દિવસના વાતાવરણમાં પલટાની આગાહી વચ્ચે આજે સવારે ૬ થી ૧૦ વાગ્યા સુધીમાં રાજયના ૨૮ તાલુકાઓમાં કમોસમી વરસાદ નોંધાયો છે. જેમાં નવસારીના વાંસદામાં સૌથી વધુ ૧.૫ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો છે. તો ડાંગના વઘઈમાં ૧ ઇંચ જેટલો વરસાદ વરસ્યો નોંધાયો છે. તો બીજી તરફ, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૨ તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો છે. હવામાન ખાતાની આગાહી મુજબ, ગુજરાતમાં ૧૦ થી ૧૨ ડિસેમ્બર સુધી વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસર હેઠળ વાતાવરણમાં પલટો આવ્યો છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને લૉ પ્રેશર સક્રિય થયું હોવાથી ઉત્તરથી લઈને દક્ષિણ ગુજરાત સુધીના ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં કાળાડિબાંગ વાદળો છવાઈ ગયા છે. શુક્રવારે ગુજરાતના ૧૩૬ તાલુકામાં માવઠું પડ્યું હતું. હવે ૨ દિવસ બાદ ગુજરાતમાં ઠંડીનું જોર વધશે. ૨ દિવસ પછી ૩થી ૪ ડિગ્રી તાપમાનમાં ઘટાડો નોંધાશે. હજુ બે દિવસ રાજયમાં કમોસમી વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. આજે અને આવતીકાલે કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદ પડી શકે છે. હવામાનના પલટાની સીધી અસર ખેડૂતો પર પડી છે. ખેતરોમાં ઉભો પાક અને યાર્ડમાં પડેલો માલ પલળતાં ખેડૂતોને મોટાપાયે નુકસાન થયું છે.

વડોદરાના પાદરા તાલુકામાં માવઠાના કારણે ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. વરસાદના કારણે કપાસ, ડાંગર, તુવેર સહિતના પાકને નુકસાન થયું છે. ખેડૂતોએ સરકાર પાસે સહાયની માગ કરી છે. ગુજરાતના મોટાભાગના શહેરોમાં મેઘ મહેર જોવા મળ્યા પછી અમદાવાદ, વડોદરા, રાજકોટ જેવાં શહેરોમાં ધીમી ધારે વરસાદ પડ્યો છે. ત્યારે પાદરા પંથકમાં વરસાદના પગલે ખેડૂતોના ઊભા પાકને ભારે નુકસાન થયુ છે. પાદરાના વિવિધ ગામોમાં કપાસની ખેતી કરતા ખેડૂતોના પાકને ભારે નુકશાન થવા પામ્યું છે.

# આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે ગોપાલ ઈટાલિયા નિમાયા

અમદાવાદ,તા.૧૨

આમ આદમી પાર્ટીએ હવે ગુજરાતની આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગોપાલ ઈટાલિયાને ગુજરાત પ્રદેશ પ્રમુખ બનાવ્યા છે. આ એ જ ગોપાલ ઈટાલિયા છે, જેઓ ધંધૂકા ડેપ્યુટી કલેક્ટર ઓફિસમાં ક્લર્ક તરીકે ચાલુ નોકરીએ હતા, ત્યારે વિધાનસભા સંકુલમાં ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા પર ચંપલ ફેંક્યું હતું. એ પહેલાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને ફોન કરીને તેમની સાથેની ચડભડનો ઓડિયો વાઈરલ થતાં પણ ઈટાલિયા ચર્ચામાં આવ્યો હતો. ગોપાલ ઈટાલિયા જેવા ફાયરબ્રાન્ડ અને ગુજરાતમાં ભાજપ સરકાર પર ભ્રષ્ટાચારના સણસણતા આક્ષેપો કરવા માટે જાણીતા નેતાની પ્રદેશ પ્રમુખ તરીકે નિમણૂક કરીને આપએ સાત મ્યુનિ.ની ચૂંટણીમાં એન્ટ્રીનું બ્યૂગલ વગાડી દીધું છે. એક સમયે પાટીદાર અનામત આંદોલનનો જુવાળ હતો ત્યારે હાર્દિકનું જબરદસ્ત ફેનફોલોઈંગ હતું. હાર્દિકના એક અવાજ પર હજારો પાટીદાર યુવાનો શેરીઓમાં ઊતરી આવતા હતા. આ રીતે જ ગોપાલ ઈટાલિયાનું પણ સોશિયલ મીડિયા પર જબરદસ્ત ફેનફોલોઈંગ છે. હવે જોવાનું એ રહે છે કે ગોપાલ ઈટાલિયા આપના પ્રદેશ પ્રમુખ બન્યા પછી પોતાના ફેનફોલોઈંગને પાર્ટી માટેના સપોર્ટમાં કન્વર્ટ કરી શકે છે કે કેમ. હાલના તબક્કે અસરકારક વિપક્ષની ભૂમિકા ભજવવામાં પ્રદેશ કોંગ્રેસ એકમ ઊણું ઊતરી રહ્યું છે.

આ જોતાં આપ પાસે સારી તક હોવાનું મનાય છે. દિલ્હીના મતદારોમાં પોતાના માટે જોરદાર સપોર્ટ અને ક્લીન એડમિનિસ્ટ્રેશનની ઈમેજ બિલ્ટ કરનારા અરવિંદ કેજરીવાલનો જાદુ દિલ્હી બહાર પ્રસરી શક્યો નથી. ગુજરાતનું જ ઉદાહરણ જોઈએ તો પાર્ટી છેલ્લાં પાંચેક વર્ષથી ગુજરાતમાં વ્યવસ્થિત માળખું રચવા સતત પ્રયત્નશીલ છે. આ અગાઉ ૨૦૧૪માં કનુભાઈ કળસરિયા આપના ગુજરાત એકમમાં જોડાયા હતા અને તેમને પછીથી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ પણ બનાવાયા હતા. આમ છતાં ગુજરાતમાં હજી સુધી AAPનું વ્યવસ્થિત માળખું સ્થપાઈ શક્યું નથી.

# રાજસ્થાન બાદ હવે બીટીપીએ ગુજરાતમાં પણ કોંગ્રેસને આપેલો ટેકો પાછો ખેંચ્યો

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં કોંગ્રેસને સૌરાષ્ટ્રમાં એક પછી એક બે ઝટકા પછી આજે દક્ષિણ ગુજરાતમાં મોટો ઝટકો લાગ્યો છે. ભારતીય ટ્રાયબલ પાર્ટીએ રાજસ્થાનમાં કોંગ્રેસની ગેહલોત સરકારને આપેલો ટેકો પરત ખેંચ્યા પછી હવે ગુજરાતમાં પણ ટેકો પરત ખેંચ્યો છે. આ અંગે બીટીપીના અધ્યક્ષ છોટુભાઈ વસાવાએ ટ્વીટ કરીને માહિતી આપી છે અને જણાવ્યું છે કે, ગુજરાતમાં ભરુચ અને નર્મદા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ સાથેનું ગઠબંધન ખતમ થયું છે.

છોટુ વસાવાએ કારણ આપતાં જણાવ્યું હતું કે, રાજસ્થાનમાં અમારી સાથે દગ્ગો થયો છે. એટલા માટે અમે અહીં પણ ગઠબંધન તોડવાના છીએ. તેમણે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં તકલીફ નહીં પડે, તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે ભાજપ અને કોંગ્રેસ બંને સરખા જ હોવાનું અને ભાજપને પણ સાથ નહીં આપે તેમ જણાવ્યું હતું. બીટીપીના બે ધારાસભ્ય રાજકુમાર રોત અને રામપ્રસાદે ભારતીય ટ્રાઈબલ પાર્ટીના અધ્યક્ષ અને ગુજરાતના ધારાસભ્ય છોટુભાઈ વસાવા સમક્ષ સમર્થન પરત લેવાની વાત કરી હતી.

આ પછી તેમણે પોતાનું સમર્થન પરત લઈ લીધુ છે. રાજસ્થાનમાં જિલ્લા પંચાયતોની ચૂંટણીના પરિણામો આવ્યા બાદ બીટીપીએ સમર્થન પરત ખેંચી લીધું હતું. ડુંગરપુરમાં જિલ્લા પંચાયતના સભ્યોની ચૂંટણીમાં બીટીપીને સૌથી વધુ બેઠકો મળી હતી. જોકે કોંગ્રેસ અને ભાજપે હાથ મેળવી લેતા બીટીપીએ ટેકો પરત ખેંચી લીધો છે.






# જુનાગઢ જીલ્લા ભાજપ લઘુમતી મોરચાની કારોબારી સમિતિની મીટીંગ મળી

જુનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલની અધ્યક્ષતામાં જીલ્લા લઘુમતી મોરચાની કારોબારી સમિતિની મીટીંગ મળી હતી જેમાં જીલ્લા લઘુમતી મોરચાની કારોબારીના ૩૮ સભ્યોએ હાજરી આપી હતી. મીટીંગનું સંચાલન જીલ્લા લઘુમતી મોરચાના પ્રમુખ હુસેનભાઈ દલ એ કર્યું હતું.

જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ એ પક્ષના આગામી કાર્યક્રમો અંગે માહીતિ આપી હતી. મતદાર યાદીની પૈજ કમીટીઓ ફોટા સાથેની તૈયાર કરવા માટે સુચના આપી હતી. આગામી તાલુકા/જીલ્લા પંચાયતની ચુંટણીઓ સબંધી માર્ગદર્શન આપ્યું હતું. લઘુમતી સમાજના પ્રશ્નો હલ કરવાની ખાત્રી આપી હતી. ભાજપના સંગઠનમાં અને સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં તેમજ સરકારી સમિતિઓમાં લઘુમતી સમાજને યોગ્ય પ્રાધાન્ય આપવામાં આવશે એવી ખાત્રી આપી હતી. લઘુમતી સમાજના કાર્યકરોને વફાદારીથી પક્ષના કામમાં લાગી જવા હાકલ કરી હતી.

જીલ્લા લઘુમતી મોરચાના પ્રમુખ હુસેનભાઈ દલ એ છેલ્લી ત્રણ ટર્મથી લઘુમતી મોરચાએ કરેલ કામગીરી અને ચાલુ ટર્મની કામગીરી વિશે માહીતી આપી હતી. દેશને અને ગુજરાતને કોંગ્રેસ મુક્ત કરવામાં લઘુમતી સમાજનું મોટું યોગદાન હોવાનું જણાવી લઘુમતી સમાજના મતો હવે કોંગ્રેસને મળતા નથી એ હકીકત દ્રષ્ટાંતો સહીત સમજાવી હતી. ચાલુ ટર્મના તમામ સભ્યોને કોઈપણ જાતના વાદ વિવાદ વગર ખંતથી પક્ષનું કામ કરવા બદલ અભિનંદન આપ્યા હતા અને પક્ષે સોંપેલ તમામ કામો મુદત હરોળમાં પુરા કરવા બદલ સૌનો આભાર માન્યો હતો.

હાજર રહેલા હોદેદારોમાંથી ડૉ. સાજીદભાઈ મલેક, હનીફભાઈ કુરેશી, હુસેનભાઈ સીડા, સૈયદ સાહેબ, ઈસ્માલભાઈ દેથા, અબ્દુલ્લામીયા બાપુ વિગેરેએ પ્રાસાંગીક ઉદ્દબોધનો કર્યા હતા. આભાર વિધિ હુસેનભાઈ દલ એ કરેલ હતી.



આ બેઠકમાં જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ, જીલ્લા લઘુમતી મોરચાના પ્રમુખ હુસેનભાઈ દલ, જીલ્લા મહામંત્રી નુરમહમદભાઈ શમા તથા ડૉ. સાજીદભાઈ મલેક, મહમદઅલી સૈયદ સાહેબ, અબ્દુલ્લામીયા બાપુ, હુસેનભાઈ સીડા, કાસમભાઈ શેખ, ગફારભાઈ ભોર, ઈસ્માલભાઈ દેથા, હનીફભાઈ કુરેશી, યાસીનભાઈ અગવાન, અલીભાઈ સાંધ, ઈલ્યાસભાઈ બ્લોચ, રેહાનખાનજી બાબી, બબાભાઈ માલવિયા, સતારભાઈ માલવિયા, આરીફભાઈ નાઈ, સલીમભાઈ ગજીયાણી, નજીરખાન બેલીમ, બહાદુરભાઈ દલ, હુસેનભાઈ સોઢા, ઈસ્માલભાઈ અગવાન, ઓસમાણભાઈ હમીરકા, દાઉદભાઈ મોદી, જાવીદભાઈ મોદી, ઈમરાનભાઈ દલ, બોદુભાઈ સાંધ, અનવરભાઈ અગવાન, હુસેનભાઈ સીડા, રફીકભાઈ દલ, સીદીકભાઈ કચરા, અનવરખાન પઠાણ, હારૂનભાઈ પડાયા, અલારખાભાઈ કાલવાત, સલમાનભાઈ ઘમેરીયા, રીઝવાનભાઈ બમ તેમજ જુનાગઢ મહાનગર લઘુમતી મોરચાના પ્રમુખ શબ્બીરભાઈ અમરેલીયા અને વરિષ્ઠ પત્રકાર હુસેનશા શાહમદાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# કાંકરેજ સહિત વિસ્તારમાં વહેલી સવારે ગાઢ ધૂમસના દશ્યો સર્જાયા



કાંકરેજ

વાતાવરણ માં આવેલ અચાનક પલટો અને ગઈ કાલે થયેલ કમોસમી વરસાદી છાંટા જેની લઈ શનિવારે વહેલી સવારે કાંકરેજ સહિત વિસ્તારમાં વાદળછાયા વાતાવરણ સાથે ગાઢ ધૂમસ સર્જાયું હતું.જેને લઈ રસ્તા ઉપર વાહનચાલકો ને મુશ્કેલીઓ ઉભી થઈ હતી. તો વાતાવરણ માં આવેલ બદલ ને લઈ ખેડુતો પણ ચિંતામાં મુકાયા. શિયાળામાં વાવેતર કરેલ પાક રવિ સિઝન વરિયાળી, રાયડો,જીરૂ, બટાકા, એરંડા, કપાસ અને સિઝનેબલ શાકભાજી માં નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.તેમજ બનાસનદી કાંઠા વિસ્તારમાં ધૂમસ ની અસરગાઢ જોવા મળી હતી. આજુબાજુનો વિસ્તાર જાણે ધૂમસ માં ગાયબ થઈ ગયો હોય એવો આભાસ નિર્માણ થવા પામ્યો હતો.



**ધરમશીભાઈ શાહ...અદના..રાષ્ટ્રીય નૃત્ય કલાકાર..ભાવનગરની કલા પ્રેમી જનતાના સાનિધ્યમાં ધરમશીભાઈ એ કલા સંસ્થા સ્થાપીને અમારા જેવા ઘણા શિષ્યોને નૃત્યની કલા શિખવાડી.. મને યાદ છે મારી સ્કુલ દક્ષિણામૂર્તિ પાછળ એક નાના રુમમાં અમારી જેવી બાળાઓએ તેમની પાસે નૃત્ય તાલીમ લઇ પારંગત બની એમાંની હું પણ છુ...૧૧,ડીસેમ્બર ૨૦૧૭ તેઓ અમારી વચ્ચેથી વિદાય થયા..એક નૃત્યના કલાકારની ખોટ પડી..એમની અંતિમ વિદાય એમના શિષ્યોએ સંગીતાંજલી સ્વરુપે જ આપી...મારા પગના થડકાર સાથે ગુરૂની યાદ મારી સાથે જ હતી અને રહેશે..સત સત પ્રણામ.. પરેશા ભટ્ટ**

# માણાવદર શહેર અને તાલુકા ભાજપની પરીચય બેઠક મળી

આજરોજ નૂતન જીનીગ માં માણાવદર તાલુકા ભાજપ અને શહેર ભાજપ દ્વારા એક પરિચય બેઠક રાખવામાં આવી હતી જેમાં જીલ્લા ભાજપ ના નવનિયુક્ત મહામંત્રી અને ઝોન પ્રભારી ભગવાનજીભાઇ કરગઠીયા તથા જીલ્લા ઉપ પ્રમુખ અને તાલુકા પ્રભારી મનોજભાઈ ગોહેલ તથા જીલ્લા ઉપ પ્રમુખ અને બાંટવા - વંથલી શહેર ના પ્રભારી દિનેશભાઇ ટીલવા તેમજ જીલ્લા ભાજપ મંત્રી અને માણાવદર શહેર પ્રભારી જીવાભાઇ કોડીયાતર ઉપસ્થિત રહયા હતા કાર્યક્રમ ને અનુરૂપ માર્ગદર્શન મનોજભાઇ ગોહેલ તથા ભગવાનજીભાઇ કરગઠીયા એ આપેલ અને પાર્ટીના આગામી કાર્યક્રમો વિશે માહિતી આપી અને પેજ કમીટી વહેલામાં



વહેલી તકે બંને તે માટે સુચન કરેલ હતા આ કાર્યક્રમ માં તાલુકા ભાજપ પ્રમુખ હરસુખભાઈ ગરાળા, તાલુકા ભાજપ મહામંત્રી જગદીશભાઈ મારૂ , કિરણભાઈ ચૌહાણ, શહેર ભાજપ પ્રમુખ જીતુભાઈ પનારા, ન.પા પ્રમુખ પુષ્પાબેન ગોર, જીલ્લા પંચાયતના સદસ્યો શ્રીઓ, પાલિકા ના સદસ્યો, તાલુકા પંચાયતના સદસ્યો તથા તાલુકા અન શહેરના આગેવાનો ઉપસ્થિત રહયા હતા આ કાર્યક્રમ માં જીલ્લા ભાજપ ના નવનિયુક્ત હોદ્દેદારો ને ફુલહાર અને પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા આ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન શહેર ભાજપ મહામંત્રી નિરજ જોષી એ કર્યું હતુ

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# સુરતમાં ૫૦૦ કરોડથી વધુના કામોનું મુખ્યમંત્રી રૂપાણીએ લોકાર્પણ કર્યું

ગાંધીનગર,તા.૧૨

મુખ્યમંત્રી વિજય રૂપાણી પાલ સ્થિત સંજીવ કુમાર ઓડિટોરિયમ ખાતે પાલિકાના ૪૩૧ કરોડ અને સુડાના ૮૨.૮૩ કરોડ મળી કુલ ૫૧૪.૧૫ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું છે. શહેરના બાંધકામ શ્રમિકોને પરિવહન માટે વાર્ષિક ધોરણે બસ પાસ અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રી રૂપાણીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, ઉભરાટના ૨૧૭ કરોડના બ્રિજને સરકારે મંજૂરી આપી છે.માવઠાથી ખેડૂતોને થયેલા નૂકસાનીનો સર્વે કરીને વહેલી તકે વળતર આપવામાં આવશે. વિકાસની હરણફાળમાં સતત અગ્રેસર તથા શહેરના સમતોલ વિકાસથી પ્રજાભિમુખ પ્રકલ્પોને આગળ ધપાવતી સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછા અને રાંદેર ઝોનમાં સાકારિત સુમન હાઈસ્કૂલ, વાંચનાલય, ઈ-બસની સુવિધા અને વર્કિંગ વુમન હોસ્ટેલ સહિતના વિવિધ પ્રકલ્પનું લોકાર્પણ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ૪૩૧.૩૨ કરોડના ખર્ચે શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં એનઆરસીપી યોજના અંતર્ગતના કામો, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઈડબલ્યુએસના આવાસો, લિંબાયત-ડીંડોલી વિસ્તારને જોડતો રેલવે અંડરપાસ તથા નગર પ્રાથમિક શાળા, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ઓવરહેડ ટાંકી, આંગણવાડી, કોમ્યુનિટી હોલનું ખાતમુહૂર્ત થયું હતું. જ્યારે સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા સ્આવાસ યોજના અંતર્ગત સાકારિત થનાર આવાસો, ખાડી પુલ તથા રોડ વિગેરેના અંદાજિત ૮૨.૮૩ કરોડના ખર્ચના વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ યોજાઈ હતી. સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ગ્રોસ કોસ્ટ કોન્ટ્રાકટ મોડલથી ૧૫૦ ઈલેકટ્રીક બસ લોકાર્પિત કરાઈ હતી. જયારે ૩ બસને લીલીઝંડી આપવામાં આવી હતી. રાજય સરકારના મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામ શ્રમિક પરિવહન યોજના હેઠળ સુરત શહેરના બાંધકામ શ્રમિકોને પરિવહન માટે વાર્ષિક ધોરણે બસ પાસ અર્પણ કરવામાં આવ્યા હતા.

વધુમાં મુખ્યમંત્રી દ્વારા જૂન-૨૦૧૮થી ડિસેમ્બર-૨૦૨૦ દરમિયાન સુરત મહાનગરપાલિકા દ્વારા કરાયેલા વિવિધ વિકાસકાર્યોની માહિતી દર્શાવતી "વિકાસયાત્રા× પુસ્તિકાનું વિમોચન પણ કર્યું હતું. દિલ્હીમાં ચાલતાં ખેડૂત આંદોલન અંગે વિજયભાઈએ ઉમેર્યું હતું કે, દિલ્હીમાં ચાલતું ખેડૂતોનું આંદોલનમાં હવે ખેડૂતો રહ્યાં નથી. માત્ર રાજકારણ પ્રેરિત છે. રાજકીય રોટલા શેકવા માટે થઈને ખેડૂતોના નામનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રસી મુદ્દે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ભારતની જનતાને ખૂબ ઝડપથી રસી આપવામાં આવશે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. ચાર તબક્કામાં રસીનું કરવામાં આવશે.વિતરણ કેન્દ્ર સરકાર રસીને લઈને કરી રહી છે. ભારતની જનતાને ઝડપથી રસી મળે તે માટે વડાપ્રધાન કાર્યરત છે.

## પેપર ઉદ્યોગે પ્રોત્સાહન પેકેજ માગ્યું, કહ્યું

# કોવિડ-૧૯ને કારણે જાહેરાત અને સર્ક્યુલેશનને બહુ જ ખરાબ અસર

ઈન્ડિયન ન્યૂઝપેપર સોસાયટી (આઈએનએસ)ના પ્રમુખ એલ. આદિમૂલમે કેન્દ્ર સરકાર સમક્ષ ન્યૂઝ પેપર ઇન્ડસ્ટ્રી માટે પ્રોત્સાહન પેકેજ આપવાની માગ કરી છે. આઈએનએસ ઘણા મહિનાથી આ પેકેજની આશા રાખી રહ્યું છે. આઈએનએસનું કહેવું છે કે ન્યૂઝપેપર ઈન્ડસ્ટ્રીની આવક ઘટતાં અભૂતપૂર્વ સંકટનો સામનો કરવો પડી રહ્યો છે, કારણ કે કોવિડ-૧૯ને કારણે જાહેરાત અને સર્ક્યુલેશનને બહુ જ ખરાબ અસર થઈ છે. આ કારણે અનેક પ્રકાશનો બંધ થઈ ગયાં છે અથવા કેટલીક આવૃત્તિ અનિશ્ચિત સમયગાળા માટે સ્થગિત કરી દેવાઈ છે. જો આ સ્થિતિ રહેશે તો નજીકના ભવિષ્યમાં હજુ વધુ પ્રકાશનો બંધ થઈ જશે. ૮ મહિનામાં ઈન્ડસ્ટ્રીને લગભગ ૧૨,૫૦૦ કરોડનું નુકસાન થઈ ચૂક્યું છે અને વર્ષના અંત સુધીમાં આ નુકસાન ૧૬,૦૦૦ કરોડ સુધી પહોંચી શકે છે.

૩૦ લાખ શ્રમિકો-સ્ટાફ પર અસર થશે

વિશ્વની સૌથી મોટી લોકશાહીનો ચોથો સ્તંભ ધ્વસ્ત થવાથી એનાં સામાજિક અને રાજકીય ગંભીર પરિણામોની કલ્પના થઈ શકે છે. એનાથી ૩૦ લાખ શ્રમિકો અને સ્ટાફ પર પણ અસર થશે, આ તમામ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ન્યૂઝપેપર ઈન્ડસ્ટ્રીઝમાં પત્રકાર, પ્રિન્ટર, ડિલિવરી વેન્ડર અને અનેક સ્વરૂપે કામ કરી રહ્યા છે. ન્યૂઝપેપર ઈન્ડસ્ટ્રી ધ્વસ્ત થવાની વિનાશકારી અસર લાખો ભારતીયો પર પડશે, જેમાં કર્મચારીઓ અને તેમનો પરિવાર તો સામેલ છે, પણ તેની સાથે સંકળાયેલા ઉદ્યોગો, પ્રિન્ટિંગ પ્રેસ, ન્યૂઝપેપર વેન્ડર અને ડિલિવરી બોય સહિત વિતરણની સપ્લાઈ ચેનની એક બૃહદ ઈકો-સિસ્ટમ પર એની અસર પડશે. દાયકાઓથી આ બધા આજીવિકા માટે આ ઉદ્યોગ પર આશ્રિત છે.

જાહેરખબરોના બિલની ચુકવણી કરવી

ભારતીય ન્યૂઝપેપર ઈન્ડસ્ટ્રીએ દરેક પડકારના સમયમાં સત્યાપિતને તથ્યાત્મક સમાચારના પ્રસારણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. સુપ્રીમ કોર્ટ અને વહીવટી તંત્ર દ્વારા પણ સમયાંતરે એની પ્રશંસા થતી રહી છે. આ ઉદ્યોગ સંકટમાંથી ઉગરવા સંપૂર્ણ પ્રયાસ કરી રહ્યો છે અને હવે એની નજર સરકાર પર છે. સરકાર સમક્ષ માગ કરાઈ છે કે ઈન્ડસ્ટ્રીને અતિ આવશ્યક પ્રોત્સાહન પેકેજ આપવામાં આવે, જેમાં ન્યૂઝપ્રિન્ટ, જીએનપી અને એલડબ્લ્યુસી પેપર પરની સેશ ૫ ટકા કસ્ટમ ડ્યૂટી હટાવવી, ૨ વર્ષ સુધી ટેક્સ હોલિડે, સરકારી જાહેરાતના દરમાં ૫૦ ટકા વૃદ્ધિ, પ્રિન્ટ મીડિયા પર સરકાર દ્વારા થતા ખર્ચમાં ૨૦૦ ટકાનો વધારો અને બીઓસી તથા રાજ્ય સરકારોના માધ્યમ દ્વારા અપાતી જાહેરખબરોના વિલંબિત બિલની તરત ચુકવણી કરવી વગેરે સામેલ છે, કારણ કે આ સમયની માગ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.